## વચનામૃત




જેમ શાહુકારે સદાવ્રત ધર્મશાળાદિકમાં સુખ જેવાં રાંકને અર્થે રચ્યાં છે તે કરતાં તે શાહુકારના ઘરમાં સુખ તે અતિશે ઉત્તમ હશે એમ જણાય છે, તેમ એ ભગવાને બ્રહ્માદિકને અર્થે એવાં સુખ રચ્યાં છે તો પોતાના ધામમાં તો એ કરતાં અતિ ઉત્તમ સુખ હશે એમ બુદ્ધિવાળો હોય તેને જાણ્યામાં આવે છે. માટે એ ભગવાનના સુખનું અતિશેપણું બુદ્ધિવાનને જાણ્યામાં આવે છે, તેણે કરીને સારા વિષય તે ભૂંડા થઈ જાય છે. (પં.॥૧॥ ૧૨૭)


કચ્છીઓનું કચ્છ માટે પ્રગટ થતું પોતાનું દૈનિક

# વાવડ

RNI No. 27550/74 BHUJ

તંત્રી : રામ કરશનદાસ ઠક્કર ★ કાર્યકારી તંત્રી દર્શનકુમાર આર. ઠક્કર

Reg. NO. G-KCH-018/2024/26
PRG એક્ટ હેઠળ પ્રકાશન માટે જવાબદાર
www.vavaddaily.com
E-mail : vavaddaily@gmail.com



પત્ર વ્યવહારનું સરનામું
વાવડ કાર્યાલય
'અક્ષરધામ' ૧૦૪/એ, લોટસ કોલોની , ભુજ.
મોબાઈલ : 98797 65225



Printer, Publisher & Owned by RAM KARSHANDAS THACKER, Printed at JAHNAVI Offset, 105/B, Lotus colony BHUJ-KUTCH 370001. Publish at VAVAD, 'AKSHARDHAM' 104/A, Lotus colony BHUJ-KUTCH, Editor RAM KARSHANDAS THACKER




તંત્રી સ્થાનેથી...

**સાવધાન**

# ટ્રમ્પને આજીવન સત્તામાં રહેવું છે અને પુતિનને આજીવન અમર રહેવું છે !

**@ રામ કરશનદાસ ઠક્કર**

વૈશ્વિક રાજનીતિના બે સૌથી શક્તિશાળી અને ચર્ચાસ્પદ નેતાઓ, ડોનાલ્ડ ટ્રમ્પ અને વ્લાદિમીર પુતિનની માનસિકતા અને તેમની રાજકીય શૈલી આજે ચર્ચામાં છે. આ બંને નેતાઓની વિચારસરણી અને તેમની આસપાસના રાજકીય સમીકરણોને પત્રકારત્વની દૃષ્ટિએ વિશ્લેષણ કરીએ તો, ડોનાલ્ડ ટ્રમ્પને 'પાવર' અને હેડલાઈન્સમાં રહેવાની લાલસા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની રાજનીતિ હંમેશાં 'અમેરિકા ફર્સ્ટ' કરતાં પણ 'ટ્રમ્પ ફર્સ્ટ'ની આસપાસ ફરતી દેખાય છે.

આજીવન સત્તાની તેમની મહત્વાકાંક્ષાને અમેરિકાનું બંધારણ આડે આવે છે. આ બંધારણ મુજબ કોઈ પણ વ્યક્તિ બે ટર્મથી વધુ રાષ્ટ્રપતિ બની શકતી નથી. પરંતુ ટ્રમ્પની જે શૈલી છે, જેમ કે મીડિયા પર પ્રભાવ રાખવો, પોતાની વિરુદ્ધના કાયદાકીય કેસોને રાજકીય ષડયંત્ર ગણાવવા અને પોતાના પક્ષ રિપબ્લિકન પાર્ટી પર સંપૂર્ણ વર્ચસ્વ જાળવી રાખવું, તે દર્શાવે છે કે તેઓ સત્તાવાર પદ પર ન હોય, તો પણ અમેરિકાના રાજકારણના કેન્દ્રમાં રહેવા માંગે છે. તેમની લોકપ્રિયતા અને 'મેગા' મૂવમેન્ટ એવી છે કે તેઓ સત્તામાં ન હોય તો પણ પડદા પાછળથી પાવર ચલાવવાની ક્ષમતા રાખે છે, જે કર્ણાટકના રાજકારણમાં આપણે અહીં સોમવારે ચર્ચા કરી હતી, તે'શેડો પોલિટિક્સ' જેવું જ કંઈક છે.

પુતિને કાયમી સત્તામાં રહેવા માટે રશિયાના બંધારણમાં એવા સુધારા કરી લીધા છે કે, તેઓ ઈચ્છે ત્યાં સુધી સત્તા પર રહી શકે. રશિયામાં વિપક્ષ જેવું કંઈ બચ્યું નથી, તેથી તેમનો સત્તામાં 'અમર' રહેવાનો અને રશિયાના ભાગ્યવિધાતા બનવાનો દાવો જમીની સ્તરે મજબૂત થઈ ગયો છે અને હવે તેઓ યાવતચંદ્રૌ અમર રહેવાના સપના જોઈ રહ્યા છે. આમ વ્લાદિમીર પુતિનનો કેસ ટ્રમ્પ કરતાં સાવ અલગ અને વધુ ગંભીર છે. તેઓ માત્ર સત્તામાં રહેવા નથી માંગતા, તેઓ માત્ર રશિયાના ઈતિહાસમાં જ 'અમર' થવા નથી માગતા, પણ તેમને તો મરવું જ નથી.

પુતિન પોતાને આધુનિક રશિયાના રાષ્ટ્રપતિ કરતાં 'ઝાર' (રશિયાના પ્રાચીન સમ્રાટો)ના વારસદાર તરીકે વધુ જુએ છે. સોવિયેત સંઘનું વિસર્જન તેમના માટે સદીની સૌથી મોટી દુર્ઘટના હતી અને યુક્રેન સાથેનું યુદ્ધ કે પશ્ચિમી દેશો સામેનો મોરચો એ રશિયાના એ જૂના સામ્રાજ્યને પાછું મેળવીને ઈતિહાસમાં અમર થવાનો જ એક પ્રયાસ છે. ડોનાલ્ડ ટ્રમ્પ કારતાં પુતિન વધુ આગળ જવા માગે છે. પુતિનને મરવું જ નથી. તેઓ માણસને અમર કરવા વૈજ્ઞાનિકો પાસેથી કામ લઈ રહ્યા છે અને એ માટે અબજો રૂબલ ફાળવ્યા છે. પુતિનને પોતાને આજીવન અમર રહેવું છે, એટલે તેઓ દેશનું નાણું વાપરી રહયા છે ? આ કોઈ કાલ્પનિક વાર્તા નથી પરંતુ આ વિષય પર આંતરરાષ્ટ્રીય સ્તરે ગંભીર અહેવાલો અને ચર્ચાઓ થઈ રહી છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની સત્તા અને દીર્ઘાયુષ્ય પ્રત્યેની ઘેલછા વિશે આ એક અત્યંત ચોંકાવનારી અને રસપ્રદ વાત છે. રશિયામાં પુતિનના આદેશથી એવા વૈજ્ઞાનિક પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે, જે માણસની ઉંમર વધારવા, સેલ્યુલર રિવર્સલ (કોષોને ફરી યુવાન કરવા) અને બાયોટેકનોલોજી પર કેન્દ્રિત છે. પશ્ચિમી મીડિયા અને રશિયાના કેટલાક સ્વતંત્ર પત્રકારોના અહેવાલો અનુસાર, રશિયાની ટોચની સંશોધન સંસ્થાઓને 'વૃદ્ધત્વને રોકવા' અને 'આયુષ્ય લંબાવવા' માટે અબજો રૂબલ ફાળવવામાં આવ્યા છે.

પુતિનની નજીકના વૈજ્ઞાનિકો અને મેડિકલ અને જીનેટિક્સના ક્ષેત્ર સાથે જોડાયેલી તેમની પુત્રીઓ આ પ્રકારના સંશોધનોની દેખરેખ રાખતા હોવાનું મનાય છે. શું તેઓ પોતાની અંગત લાલસા માટે દેશનું નાણું વાપરી રહ્યા છે ? રાજકીય મનોવિજ્ઞાનની દૃષ્ટિએ આના બે પાસાં છે. સરમુખત્યારશાહી માનસિકતા ધરાવતા નેતાઓ જ્યારે લાંબો સમય સત્તા પર રહે છે, ત્યારે તેમની અંદર એક સર્વોપરી હોવાની ભાવના જાગે છે. તેમને લાગે છે કે રશિયાનું ભવિષ્ય માત્ર તેમના જ હાથમાં સુરક્ષિત છે. અને બીજું મરણનો ભય તેમને સત્તા અને ઈતિહાસમાંથી બહાર ધકેલી શકે છે, તેથી તેઓ વિજ્ઞાનના જોરે કુદરતના નિયમોને પણ પડકારવા માંગે છે. સત્તાવાર રીતે રશિયન સરકાર આને 'દેશની વસ્તીવિષયક કટોકટી'ને રોકવા અને રશિયનોનું સરેરાશ આયુષ્ય વધારવાનો પ્રોજેક્ટ ગણાવે છે. પરંતુ પડદા પાછળનો અસલી હેતુ શાસક વર્ગને લાંબા સમય સુધી સક્ષમ અને જીવંત રાખવાનો જ છે.

અહીં મહત્વનો પ્રશ્ન એ. છે કે, રશિયા જ્યારે યુક્રેન યુદ્ધ અને આર્થિક પ્રતિબંધોનો સામનો કરી રહ્યું છે, ત્યારે આવા અબજો ડોલરના બાયો-પ્રોજેક્ટ્સ પર નાણું ખર્ચાઈ રહ્યું છે. રશિયાના સૈનિકો યુદ્ધમાં મરી રહ્યા છે અને શાસક પોતાની અમરતાના નુસખા શોધી રહ્યો છે. પ્રાચીન કાળમાં રાજા-મહારાજાઓ અમર અથવા કાયમી યુવાની મેળવવા વૈદ્યો અને કિમિયાગરોને કામે લગાડતા હતા. પુતિન ૨૧મી સદીમાં વિજ્ઞાન અને લેબોરેટરીઝ હવે આધુનિક 'ઝાર' માટે એ જ જૂની કલ્પના સાકાર કરવા મથી રહ્યા છે. પુતિન માત્ર રશિયાની સરહદોનો વિસ્તાર કરવા નથી માંગતા, તેઓ સમય અને ઉંમર પર પણ વિજય મેળવીને કાયમી શાસક બનવા માંગે છે, અને આ માટે તેઓ દેશના સંસાધનોનો બેરોકટોક ઉપયોગ કરી રહ્યા છે તે એક ખુલ્લું રહસ્ય છે.

વિશ્વના બે સૌથી મોટા પરમાણુ સંપન્ન દેશોના નેતાઓ જ્યારે આવી વ્યક્તિગત મહત્વાકાંક્ષાઓથી દોરાતા હોય, ત્યારે વૈશ્વિક શાંતિ હંમેશાં જોખમમાં રહે છે.

# મમતાના પક્ષમાં ભાગલા! ૬૦ ટીએમસી ધારાસભ્યો વિધાનસભામાં પહોંચ્યા

કોલકાતા, તા. ૩

બંગાળ વિધાનસભા ચૂંટણીમાં કારમી હાર બાદ, મમતા બેનર્જીની પાર્ટી એક મોટા સંકટનો સામનો કરી રહી છે. તેમના પક્ષમાં ભાગલા પડવાનો ભય વધી ગયો છે.

અહેવાલ છે કે તૃણમૂલ કોંગ્રેસના હાંકી કાઢવામાં આવેલા ધારાસભ્ય ઋતબ્રત બેનર્જી ૫૯ ધારાસભ્યોની સહીઓ સાથે વિધાનસભા પહોંચ્યા છે અને ટૂંક સમયમાં અલગ ટીએમસી જૂથ બનાવવાનો દાવો રજૂ કરશે. એવા અહેવાલ છે કે તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્યો એક પછી એક આવી રહ્યા છે.

જોકે, હાલમાં કોઈ આ અંગે ખુલ્લેઆમ બોલવા તૈયાર નથી.

અહેવાલો અનુસાર, મમતા બેનર્જીની પાર્ટી, તૃણમૂલ કોંગ્રેસ (TMC) માં આજે મોટો ભાગલા



પડવાની ધારણા છે.

બે બળવાખોર TMC ધારાસભ્યો, ઋતાબ્રત બેનર્જી અને સંદીપન સાહાએ પોતાને સાચા TMC ધારાસભ્યો જાહેર કર્યા છે અને ૫૯ ધારાસભ્યોના હસ્તાક્ષર હોવાનો દાવો કર્યો છે. ઋતાબ્રતને તાજેતરમાં મમતા બેનર્જીએ પાર્ટીમાંથી હાંકી કાઢ્યા હતા. સૂત્રોનો દાવો છે કે ઋતાબ્રત બેનર્જી ૫૯ ધારાસભ્યો સાથે એક અલગ જૂથ બનાવી શકે છે.

બળવાખોર ધારાસભ્ય મુસ્તફિઝુર રહેમાને કહ્યું કે તેમણે પણ પત્ર પર સહી કરી છે.

"અમને ચોક્કસ સંખ્યા ખબર નથી. મને બહારથી સાંભળી રહ્યું છે કે ૫૯ સહીઓ મળી છે. હું આટલું જ સાંભળી રહી છું." અન્ય બળવાખોર ધારાસભ્ય પ્રિયા પોલે કહ્યું, "હું અંદર (વિધાનસભા) જઈ રહી છું; હું તમને બેઠક પછી જણાવીશ."

ટીએમસી પણ પક્ષમાં ભાગલા પડવાના ભયથી વાકેફ છે. તેથી, ટીએમસી સાંસદ કલ્યાણ બેનર્જીએ વિધાનસભા અધ્યક્ષને પત્ર લખીને માંગ કરી છે કે શોવનદેવ ચટ્ટોપાધ્યાયને વિપક્ષના નેતા તરીકે માન્યતા આપવામાં આવે. ટીએમસીએ આશિમા પાત્રાને વિપક્ષના ઉપનેતા તરીકે નિયુક્ત કરવાની અને નયના બંદોપાધ્યાયને મુખ્ય દંડક તરીકે નિયુક્ત કરવાની પણ માંગ કરી છે.

પોતાના પત્રામાં, કલ્યાણ બેનર્જીએ ભૂતકાળની પરંપરાઓનો ઉલ્લેખ કર્યો છે અને નિર્દેશ કર્યો છે કે જ્યારે તેઓ ૧૫ મેના રોજ સ્પીકર તરીકે ચૂંટાયા હતા, ત્યારે શોવનદેવ તેમને વિપક્ષના નેતા તરીકે પોડિયમ પર લઈ ગયા હતા. ત્યારબાદ, સ્પીકરે તેમના ભાષણમાં શોવનદેવને વિપક્ષના નેતા તરીકે ઓળખાવ્યા હતા.

## અલગ પાર્ટી બનાવવાના નિયમો શું છે ?

કોલકાતા, તા. ૩

એ નોંધવું જોઈએ કે તાજેતરની ચૂંટણીઓમાં ટીએમસીએ ૮૦ ધારાસભ્યોને ચૂંટ્યા હતા. આમાંથી, ટીએમસીને અલગ થવા માટે ૫૪ ધારાસભ્યોની જરૂર છે. તે મુજબ, જો ૫૯ ધારાસભ્યો અલગ જૂથ બનાવે છે અને મમતા બેનર્જીથી અલગ થાય છે, તો તેમને પક્ષપલટા વિરોધી કાયદો લાગુ પડશે નહીં અને તેઓ તેમનું સભ્યપદ ગુમાવશે નહીં. કોઈપણ પક્ષથી અલગ થવા અને અલગ પક્ષ બનાવવા માટે બે તૃતીયાંશ બહુમતી જરૂરી છે.

# દિલ્હીમાં રેસ્ટોરન્ટમાં આગ લાગતાં ૨૦ મોત : ૩૮ ઘાયલ

નવી દિલ્હી, તા. ૩

આજે સવારે દિલ્હીના માલવિયા નગરના હૌજ રાનીમાં લેમન ગ્રીન રેસ્ટોરન્ટમાં ભીષણ આગ લાગી હતી. આગની માહિતી મળતાં જ ફાયર બ્રિગેડના ૧૦ વાહનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. ભારે જહેમત બાદ ફાયર ફાઈટરોએ આગ પર કાબુ મેળવ્યો હતો. ફાયર બ્રિગેડના વાહનો ઘટનાસ્થળે હાજર છે. આ આગમાં અત્યાર સુધીમાં ૨૦ લોકોના મોત થયા છે અને ૩૭ લોકો ઘાયલ થયા છે.

અહેવાલો અનુસાર, દિલ્હી ફાયર સર્વિસ ટીમને સવારે ૮:૫૦ વાગ્યે માલવિયા નગરમાં લેમન ગ્રીન રેસ્ટોરન્ટમાં આગ લાગી હોવાનો ફોન આવ્યો હતો. તાત્કાલિક ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બચાવ કામગીરી શરૂ કરી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે આગ રેસ્ટોરન્ટના ભોંયરામાં લાગી હતી. રેસ્ટોરન્ટના ભોંયરામાંથી લોકોને ગંભીર હાલતમાં બચાવી લેવામાં આવ્યા હતા. આગમાં અત્યાર સુધીમાં ૨૦ લોકોના મોત થયા છે અને ૩૭ લોકો ઘાયલ થયા છે. ઘાયલોને મેક્સ હોસ્પિટલમાં



દાખલ કરવામાં આવ્યા છે.

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય સોમનાથ ભારતીએ ટ્વિટર (પહેલા ટ્વિટર) પર શેર કર્યું હતું કે તેમના મતવિસ્તાર, હૌઝ રાનીમાં એક બહુમાળી ઈમારતમાં સવારે ૮:૩૦ વાગ્યે ભીષણ આગ લાગી હતી. તેમણે જાનહાનિની આશંકા વ્યક્ત કરતા કહ્યું હતું કે દક્ષિણ આફ્રિકન નાગરિકો ફસાયેલા હોઈ શકે છે. એવું જાણવા મળ્યું છે કે રેસ્ટોરન્ટમાં હજુ પણ કેટલાક લોકો ફસાયેલા છે અને તેમને બહાર કાઢવા માટે બચાવ કામગીરી ચાલી રહી છે. આગનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી, અને પોલીસ વહીવટીતંત્રે તપાસ શરૂ કરી છે. રાજધાની દિલ્હીમાં આવી આગ પહેલી વાર લાગી નથી. અગાઉ દિલ્હીના અન્ય ઘણા વિસ્તારોમાં આવી જ આગ લાગી છે. મંગળવારે સવારે દિલ્હીના મુકુંદપુર વિસ્તારમાં એક ઈમારત ધરાશાયી થયાના એક દિવસ પછી આ ઘટના બની છે, જેમાં શંકાસ્પદ એસપીજી સિલિન્ડર વિસ્ફોટને કારણે દસ લોકો ઘાયલ થયા હતા.

# મુંબઈમાં દાઉદ - ISI મોડયુલના વધુ એક આતંકી હુફૈજાની ધરપકડ

## દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલની કાર્યવાહી : હુફૈજાને દાઉદનો જમણો હાથ માનવામાં આવે છે

નવી દિલ્હી, તા. ૩

દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલ પાકિસ્તાની જાસૂસી એજન્સી આઈએસઆઈ, પાકિસ્તાની ગેંગસ્ટર અને આઈએસઆઈના એજન્ટ શહજાદ ભટ્ટી અને અન્ડર વર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમ મોડયુલના એક વધુ આતંકી હુફૈજાની મુંબઈથી ધરપકડ કરવામાં આવી છે.

પોલીસના જણાવ્યા અનુસાર આતંકી હુફૈજાની તલાશમાં છેલ્લા કેટલાય દિવસોથી મુંબઈ સેલ અને મુંબઈ એટીએસની ટીમ દરોડા પાડી રહી હતી. એક દિવસ અખબારમાં અહેવાલ પ્રગટ થયો હતો કે મુન્નાના નજીકના હુફૈજાની તલાશમાં સેલ દરોડા પાડી રહી છે.

ઉલ્લેખનીય છે કે હુફૈજા મુંબઈ અન્ડર વર્લ્ડમાં દાઉદ ઈબ્રાહીમનો જમણો હાથ અને આઈએસઆઈના એજન્ટ મુન્ના ઝિંગાડાનો નજીકનો માનવામાં આવે છે. મુન્ના કરાચીથી તેને નિર્દેશ આપતો હતો અને તે તેના મુજબ કામ કરતો હતો. હુફૈજાને મંગળવારે રાત્રે મુંબઈથી પકડી લેવામાં આવ્યો હતો.

હુફૈજાની ધરપકડથી ડી કંપનીમાં કેટલા આતંકીઓની ભરતી કરવામાં આવી તેની પુછપરછ કરવામાં આવી રહી છે. સાથે સાથે મુન્ના પાસેથી તેને શું શું ટારગેટ અપાયા હતા તેના બારામાં પણ પતો લગાડવામાં આવી રહ્યો છે.

# ૫૦થી ૬૦ કિમીની ઝડપે પવન અને કડાકા-ભડાકા સાથે વરસાદની આગાહી: ગુજરાતના ૧૧ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ

અમદાવાદ, તા. ૩

ગુજરાતમાં છેલ્લા ૪૮ કલાકથી વાતાવરણમાં આવેલા મોટા પલટાને કારણે ગરમીમાં રાહત મળી છે. પ્રી-મોન્સૂન એક્ટિવિટીના કારણે રાજ્યમાં ઠેર-ઠેર વરસાદી માહોલ જામ્યો છે.

હવામાન વિભાગે આજે (૩ જૂન) રાજ્યના ૧૧ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, ઉત્તર ગુજરાત અને કચ્છના વિસ્તારોમાં વાતાવરણ વધુ સક્રિય રહેશે. આજે જે જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે તેમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, ખેડા, પંચમહાલ, દાહોદ, મહિસાગર અને કચ્છનો સમાવેશ થાય છે. અહીં ૫૦ થી ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની અને વીજળીના કડાકા સાથે વરસાદ પડવાની સંભાવના છે.

ઉત્તર ગુજરાત અને કચ્છ: ૫૦ - ૬૦ કિમી પ્રતિ કલાક પવનની ગતિ,



મધ્યમ વરસાદ

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર: ૪૦ - ૫૦ કિમી પ્રતિ કલાક પવનની ગતિ, હળવાથી મધ્યમ વરસાદ

હવામાન વિભાગના તાજેતરના આંકડા મુજબ, અમદાવાદમાં સોમવારે તાપમાન ૪૦.૮ઝ હતું, જે મંગળવારે ઘટીને ૩૭ઝ પર પહોંચ્યું છે, એટલે કે એક જ દિવસમાં ૩.૮ઝ નો ઘટાડો નોંધાયો છે.

સૌથી વધુ રાહત ગાંધીનગરમાં જોવા મળી છે, જ્યાં તાપમાન સામાન્ય કરતા ૪.૭ઝ જેટલું નીચે ઉતરીને ૩૬.૨ઝ નોંધાયું છે.

# યુધ્ધ ઈફેક્ટ ! અબુધાબીએ તમામ ભાડા કરાર સ્થગીત કર્યા

અબુધાબી, તા.૩

મધ્ય પૂર્વમાં ભડકેલા યુધ્ધમાં હજુ કોઇ સમાધાન શક્ય બનતું નથી અને નવો ભડકો થવાના ભણકારા વચ્ચે અબુધાબીએ અત્યંત મોટું કદમ ઉઠાવીને તમામ ભાડા કરાર સ્થગિત કરી દીધા છે.

રહેણાંક, કોમર્શિયલ તથા ઔદ્યોગિક એવી તમામ મિલ્કતોમાં નવા રીન્યુઅલ કે નવા લીઝ કરાર પણ સ્થગીત કરી દેવામાં આવ્યા છે. આ કદમ કામ ચલાઉ હોવાનું જાહેર કરાયું છે. જો કે, કોઇ સમયમર્યાદા નકકી કરવામાં આવી નથી.

નિષ્ણાંતોએ એવો દાવો કર્યો છે કે અબુધાબીની જેમ બ્રિટન આવું કદમ ઉઠાવી શકે તેમ નથી કારણ કે દુબઇ



ઈન્ટરનેશનલ રીયલ એસ્ટેટ હબ છે. આવા કોઇ કદમ ઉઠાવાય તો ઈન્વેસ્ટરો પ્રભાવિત થઇ શકે છે અને ભવિષ્યમાં મૂડી રોકાણ વધવા પર જોખમ ઉભું થઇ શકે છે.

દુબઈમાં મિલ્કત ખરીદીમાં ભારતીયો મોખરે છે. ગત વર્ષે કુલ સંપત્તિ વ્યવહારોમાં ૨૩ ટકા ભારતીયોના હતા.

નિષ્ણાંતોના કહેવા પ્રમાણે અબુધાબીમાં ભાડા કરાર સ્થગીત કરવાના કદમથી 'પ્રોપર્ટી' માલિકોને રાહત મળશે. પરંતુ ઈન્વેસ્ટરોની કમાણીના ગણિત બગડી શકે છે. દુબઈમાં ઈન્વેસ્ટમેન્ટ પર સરેરાશ ૭ થી ૯ ટકાની વાર્ષિક કમાણી થતી હતી તે આ વર્ષે ઘટીને ૫.૫ થી ૭ ટકા થવાનો અંદાજ છે. અબુધાબીમાં દર વર્ષે ૫ ટકા ભાડા વૃધ્ધિનો વધારો હતો. હવે નવા નિયમ હેઠળ કામચલાઉ ધોરણે તેમાં વધારો શક્ય નહીં બને.

# કેરળમાં ચોમાસું દસ્તક આપવા તૈયાર, ૬ જૂને ભારે વરસાદનું એલર્ટ

તિરુવનંતપુરમ, તા.૩

ભારતીય હવામાન વિભાગ આઈએમડીએ માહિતી આપી છે કે, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ૪ જૂન ૨૦૨૬ આસપાસ કેરળમાં પ્રવેશ કરી શકે છે. તેની સાથે જ આગામી પાંચથી સાત દિવસ દરમિયાન રાજયના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આઈએમડીએ અનેક જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરીને લોકોને સાવચેત રહેવાની અપીલ કરી છે.હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ચોમાસાના આગમન સાથે કેરળમાં વ્યાપક વરસાદ શરૂ થવાની શક્યતા છે. મલપ્પુરમ, કોઝિકોડ અને વાયનાડ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે બાકીના ૧૧ જિલ્લાઓમાં યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ વિસ્તારોમાં ગાજવીજ સાથે મધ્યમથી ભારે વરસાદ અને ૪૦થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે.હવામાન વિભાગે બુધવાર માટે કેરળના ચાર જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે ગુરુવારે આઠ જિલ્લાઓ અને શુક્રવારે સાત જિલ્લાઓમાં ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બાકીના જિલ્લાઓમાં આ દિવસોમાં યેલો એલર્ટ રહેશે.આઈએમડીએ ૬ જૂન સુધી સમગ્ર રાજ્યમાં ગાજવીજ, વીજળીના કડાકા અને તેજ પવન સાથે ભારે વરસાદની ચેતવણી આપી છે. તિરુવનંતપુરમ અને કોલ્લમ જિલ્લાઓને છોડીને લગભગ તમામ જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ અને તેજ પવનની શક્યતા છે.કેરળ ઉપરાંત તમિલનાડુ અને કર્ણાટકના કેટલાક વિસ્તારોમાં પણ આગામી ૬થી ૭ દિવસ સુધી ભારે વરસાદની સંભાવના છે. સ્કૈએ આ રાજયોના વિવિધ સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. ચોમાસાની આ પ્રારંભિક એન્ટ્રીથી કેરળના કૃષિ ક્ષેત્રને લાભ થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# બેક્ક લોન ડિફોલ્ટમાં સેટલમેન્ટ પછી ફોજદારી કાર્યવાહી ચાલુ રહી શકે નહી : સુપ્રીમ

નવી દિલ્હી, તા. ૩

દેશમાં વધી રહેલા બેક્ક ડિફોલ્ટર તથા નાણાકીય વ્યવહારોમાં પણ ચેક રિટર્ન સહિતના કેસોની વધતી જતી સંખ્યા સામે સુપ્રીમકોર્ટે એક મહત્વના ચુકાદામાં જણાવ્યું કે જો કોઈ ડિફોલ્ટર (નાણાકીય જવાબદારી નહી પુરી કરનાર) અને બેક્ક વચ્ચે સમજુતી થઈ જાય અને ડિફોલ્ટર સમજુતી મુજબના નાણા ચુકવી આપે પછી તેની સામે કોઈ ફોજદારી કાર્યવાહી ચાલુ રાખી શકાશે નહી.સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ બી.વી.નાગરત્નાની ખંડપીઠે પોતાના ચુકાદામાં જણાવ્યું કે જો એક વખત સેટલમેન્ટ થયા પછી પણ ફોજદારી કાર્યવાહી સમગ્ર અર્થવ્યવસ્થાને પંગુ બનાવવા સમાન હશે.ખંડપીઠે એ પણ જણાવ્યું કે, આ પ્રકારની ફોજદારી કાર્યવાહી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે તો પણ તે અદાલતી કાર્યવાહીના ગેરઉપયોગ જેવી ગણાશે. સર્વોચ્ચ અદાલત સમક્ષ એક વ્યાપારીએ તેણે બેક્ક સાથે સમજુતી મુજબ નાણા ભરપાઈ કરી દીધા હોવા છતાં બેક્કે જે રીતે ફોજદારી કાર્યવાહી આગળ વધારી છે તેને પડકારી હતી.આ કેસમાં બેક્કના રૂા.૬.૪૯ કરોડના ડ્યુ જેમાં ૩.૦૯ કરોડનું વ્યાજ હતું તેની સામે ડેટ રીકવરી ટ્રીબ્યુનલમાં થયેલી સમજુતી મુજબ વ્યાપારીએ રૂા.૪.૨૫ કરોડ ભરપાઈ કરી દીધા હતા.સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે જેમ દિવાની (સિવિલ) કેસ જેમાં નાણાકીય વ્યવહારોમાં બન્ને પક્ષ વચ્ચે સમજુતી બાદ કેસનો અંત આવે છે તે જ રીતે આ પ્રકારના ફોજદારી કેસનો પણ અંત આવે તે નિશ્ચિત છે.આ કેસમાં અરજદારને સજા કે દંડ થાય તે પણ શકય નથી. આ કેસમાં વ્યાપારીએ બેક્ક ધિરાણ મેળવવા તેના બેલેન્શશીટ સહિતના બનાવટી દસ્તાવેજો રજુ કર્યા હતા અને તેને મળવાપાત્ર ધિરાણ કરતા બે ગણું ધિરાણ મેળવીને પછી ભરપાઈ કર્યુ ન હતું.

# મુંબઇનું ઐતિહાસિક 'એર ઈન્ડિયા' બિલ્ડીંગ સરકારે ૧૬૦૧ કરોડમાં ખરીદ્યુ

મુંબઈ, તા.૩

મુંબઈના નરીમાન પોઈન્ટ ખાતે આવેલી ઐતિહાસિક અને વ્યાપારી રીતે મહત્વપૂર્ણ એર ઈન્ડિયા બિલ્ડિંગ હવે સત્તાવાર રીતે મહારાષ્ટ્ર સરકારની માલિકીની બની ગઈ છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની હાજરીમાં આ હસ્તાંતરણ સમારોહ યોજાયો હતો.

રાજય મંત્રીમંડળે ૮ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ આ ખરીદીને મંજૂરી આપી હતી. તમામ વહીવટી પ્રક્રિયાઓ પૂર્ણ કર્યા બાદ, સરકારે એર ઈન્ડિયા એસેટ હોલ્ડિંગ કોર્પોરેશન પાસેથી આ ઈમારત ૧,૬૦૧ કરોડમાં હસ્તગત કરી છે.

આ ઉપરાંત, સરકારે ભાડાપટ્ટે આપેલી જમીનના આશરે રૂ .૩૦૦ કરોડના બાકી લેણાં પણ માફ કર્યા છે.

# માંડવીના પ.પૂ. અમીવષાશ્રીજી મ.સા. કાળધર્મ પામ્યા

જયેશ શાહ દ્વારા માંડવી, તા. ૩

કચ્છ માંડવીના માતુશ્રી દિવાળીબેન રવિલાલ રાયશી શાહના સંસારી સુપુત્રી પ.પૂ. સાધ્વીશ્રી અમીવષાશ્રીજી મ.સા. આજરોજ તા. ૩/૬/૨૬, બુધવારે વહેલી સવારે ૩.૪૫ કલાકે પાલીતાણા મધ્યે સમાધિપૂર્વક કાળધર્મ પામેલ છે.

કચ્છ વાગડ દેશોદ્ધારક અધ્યાત્મ યોગી પ.પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજના સુશિષ્ય અધ્યાત્મનિષ્ઠ વર્તમાન ગચ્છાધિપતિ પ.પૂ. આ. દેવ વિજયશ્રી કલ્પતરૂસૂરીશ્વરજી મહારાજના આજ્ઞાનૂવર્તીની ૪૮ કરોડ નમસ્કાર મહામંત્રાના આરાધિકા પ.પૂ. સાધ્વીશ્રી અનુપમાશ્રીજી મ.સા.ના સુશિષ્યા, સમતામૂર્તિ, પ.પૂ.સા.શ્રી અમીવષાશ્રીજી મ.સા.ની ઉંમર ૯૧ વર્ષ તથા દિક્ષા પર્યાય ૫૭ વર્ષનો હતો.



પૂ. અમીવષાશ્રીજી મ.સા.નું સંસારી નામ પુષ્પાબેન હતુ મેટ્રીક સુધી માંડવીની શેઠ ખીમજી રામદાસ કન્યા વિદ્યાલયમાં અભ્યાસ કરી પોતાની જ શાળામાં શિક્ષિકા તરીકે જોડાયા હતા. સાથી શિક્ષિકાઓ અને વિદ્યાર્થીઓની અપ્રતિમ ચાહના મેળવવા સદ્ભાગી થયેલાં પુષ્પાબેનના જીવનમાં જૈન સાધ્વીઓના સંપર્કના કારણે વણાંક આવ્યો અને પોતાના બે ફૈબાઓએ સંયમ માર્ગ સ્વીકારતાં એ માર્ગે જ આગળ વધવાનું મનોબળ કેળવી લીધું, ૧૯૭૦ ની ૮ મી મે એ એમણે માંડવીમાં જ પ્રવજ્યા દિક્ષા અંગિકાર કરી સાધ્વી અમીવષાશ્રીજી બનેલાં, પુષ્પાબેને એ પહેલાં જૈન સમાજની બાળાઓ માટે પાઠશાળા અને મોટી વયની શ્રાવિકાઓ માટે ધર્મોતેજક શ્રાવિકા મડળ શરૂ કર્યા હતા.

પુષ્પાબેનના મોટા બહેન, ભાગ્યવતીબેને પણ ભદ્રેશ્વર ખાતે ૧૯૬૭ માં પ્રવજ્યા દિક્ષા અંગીકાર કરેલ.

તેમની પાલખીયાત્રા સવારે ૯.૦૦ કલાકે શ્રી કચ્છ વાગડ સાત ચોવીસી ધર્મશાળાથી જય જય નંદા.. જય જય ભદ્રાના નાદ સાથે નીકળી હતી.

# સમાજ પ્રેમી હેમરાજ શાહ

## અન્ય પછાત જાતિમાં મૂકાવવા બદલ સફળતા મળી


હેમરાજ શાહ

ગુજરાતમાં ઘણી જ્ઞાતિઓ અન્ય પછાત જ્ઞાતિમાં છે. પણ તે મહારાષ્ટ્રમાં માન્ય નથી. તે માટે પુનામાં ખત્રી આયોગને અરજી કરવી પડે અને હીયરીંગમાં હાજર થવું પડે.

બૃહદ મુંબઈ ગુજરાતી સમાજના સ્થાપક પ્રમુખે એ માટે પુના જવાનો ડેક્કન ક્વીન ટ્રેનનો પાસ કઢાવેલ અને પુના જસ્ટીશ ખત્રી સાહેબની ઓફિસે હાજર થઈ જતાં અને આરગ્યુમેન્ટ કરી એ બાબત કેબિનેટમાં લાવી પાસ કરાવતાં.

આ અન્ય જાતિમાં (૧) ગુજરાતી કડિયા (૪૫), (૨) લુહાર-સુથાર-મિસ્ત્રી (૯૨), (૩) નાવી-હજ્જામ-વાણંદ (૧૦૮), (૪) દરજી-સઈ સુથાર (૧૫૩), (૫) ઘાંચી (૩૦૦), (૬) પરજીયા સોની-જવેરી (૫૩), (૭) લોહાર (૨૬૬), (૮) પંચાલ (૧૨૧), (૯) સુથાર (૧૭૫), (૧૦) મણિયાર (૩૦૯).

આ અન્ય પછાત જાતિમાં નંખાવવાનું મહારાષ્ટ્રમાં બૃહદ મુંબઈ ગુજરાતી સમાજમાં એકલા હાથે હેમરાજ શાહે વર્ષો સુધી કર્યુ જે કાબિલે દાદ છે. જેનાથી મેડીકલ કે એન્જીનીયરીંગમાં જવા ઈચ્છતાં હજારો વિદ્યાર્થીઓને આનો લાભમળ્યો છે. સરકારી નોકરીના ક્વોટામાં પણ લાભ લીધો હશે. તેઓ હેમરાજ શાહને નહીં ભૂલે એવી આશા રાખી શકાય. આવી ૧૦ જ્ઞાતિઓના વિધાર્થીઓને ક્વોટામાં કે સરકારી નોકરીમાં એનો લાભ મળતો હશે.

# અજના દર્શન







# ભારત-અમેરિકા કૃષિ સહકારને નવી દિશા આપવા માટે ઈફકોના અધ્યક્ષના નેતૃત્વ હેઠળ મહત્વપૂર્ણ સંવાદ યોજાયો

## USIBC એ પોતાના સંદેશમાં ઉલ્લેખ કર્યો કે દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ થયેલી ચર્ચાઓ ભારત અને અમેરિકા વચ્ચેના કૃષિ ક્ષેત્રના સહકારને નવી ઊર્જા પ્રદાન કરશે

વોશિંગ્ટન તા. ૩

વોશિંગ્ટન ડી.સી. સ્થિત U.S.-India Business Council (USIBC) દ્વારા ઈફકોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ આવેલા PHDCCI પ્રતિનિધિ મંડળનું યજમાનપદ સ્વીકારવામાં આવ્યું હતું, જે આ બેઠકના મહત્વ અને પ્રભાવને સ્પષ્ટ રીતે દર્શાવે છે. બેઠક પૂર્ણ થયા બાદ USIBC એ પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા મંચ પર આ સંવાદને ભારત–અમેરિકા કૃષિ સહકારને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ તરીકે ગણાવ્યો.

USIBC એ પોતાના સંદેશમાં જણાવ્યું હતું કે શ્રી દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ થયેલા વિચારવિમર્શે કૃષિ ક્ષેત્રમાં ભારત અને અમેરિકા વચ્ચેના સહકારને નવી ગતિ આપવા, સામૂહિક પડકારોના ઉકેલ શોધવા તથા ઉભરતી





તકો પર અર્થપૂર્ણ ચર્ચા માટે માર્ગ મોકળો કર્યો છે. પરિષદે ખાસ કરીને નવીનતા આધારિત કૃષિ નીતિઓ, ટકાઉ કૃષિ વિકાસ, ખાદ્ય સુરક્ષા અને ખેડૂતોની સમૃદ્ધિ માટે બંને દેશો વચ્ચે મજબૂત ભાગીદારીની જરૂરિયાત પર ભાર મૂક્યો.આ નોંધપાત્ર છે કે અમેરિકાની પ્રતિષ્ઠિત ઉદ્યોગ અને વેપાર સંસ્થા USIBC દ્વારા આ બેઠકને જાહેર રીતે વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે, જે ભારતીય સહકારી આંદોલનની વધતી વૈશ્વિક સ્વીકાર્યતા, ઈફકોની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા તેમજ શ્રી દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ ભારતીય ખેડૂતોના હિતોને વૈશ્વિક મંચો પર અસરકારક રીતે રજૂ કરવાની ક્ષમતાનું પ્રમાણ છે. બેઠક દરમિયાન કૃષિ ઉત્પાદકતા વધારવા, અદ્યતન કૃષિ ટેકનોલોજીના ઉપયોગ, જમીનના આરોગ્યમાં સુધારો, ખેડૂતોને ટેકનિકલ સહાય પૂરી પાડવા, નવીનતા આધારિત કૃષિ ઉકેલો વિકસાવવા તેમજ ખાદ્ય અને પોષણ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. બંને દેશોના કૃષિ નિષ્ણાતો, નીતિ નિર્માતાઓ અને ઉદ્યોગ પ્રતિનિધિઓએ સહમતી વ્યક્ત કરી કે ભારત અને અમેરિકા વચ્ચે વધતો સહકાર કૃષિ ક્ષેત્રમાં નવી તકોના દ્વાર ખોલશે અને ખેડૂતોને લાંબા ગાળાનો લાભ પહોંચાડશે.શ્રી દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ યોજાયેલ આ સંવાદ ભારત-અમેરિકા કૃષિ ભાગીદારીને નવી દિશા આપવા, સહકારિતા આધારિત કૃષિ વિકાસને વૈશ્વિક સ્તરે નવી ઓળખ અપાવવા તથા ખેડૂતોની આવક, ઉત્પાદકતા અને કૃષિ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા તરફનું એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે.




# નારાયણા કોચિંગ સેન્ટર્સ અમદાવાદે JEE Advanced ૨૦૨૬માં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી

## અમદાવાદે ગુજરાત ટોપર અને IIT બોમ્બે ઝોન ગર્લ્સ ટોપર આપીને આગેવાની લીધી

અમદાવાદ તા. ૩

નારાયણા કોચિંગ સેન્ટર્સ, અમદાવાદે JEE Advanced ૨૦૨૬માં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. માત્ર બીજા જ વર્ષમાં કેન્દ્રે અદ્ભુત પરિણામો આપી ગયા વર્ષની સફળતાને નવી ઊંચાઈએ પહોંચાડી છે. ગયા વર્ષે મન પટેલે AIR ૪૩ પ્રાપ્ત કરીને કેન્દ્રનું નામ રોશન કર્યું હતું, જ્યારે આ વર્ષે નારાયણાએ ગુજરાત સ્ટેટ ટોપર તેમજ સમગ્ર બોમ્બે ઝોનની ગર્લ્સ ટોપર આપી વધુ એક ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે.અમદાવાદ સેન્ટરમાં જોવા જઈએ તો ગુજરાત સ્ટેટ ટોપરમાં આદિત્ય ઠાકુર (AIR 22), IIT બોમ્બે ઝોન ગર્લ્સ ટોપરમાં સાન્વી પાટીદાર (AIR 158), ૪ વિદ્યાર્થીઓ Top ૫૦૦ AIR માં, જ્યારે ૮ વિદ્યાર્થીઓ ૧૦૦૦ AIRમાં નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. આદિત્ય ઠાકુરે AIR ૨૨ મેળવી સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. બીજી તરફ, સાન્વી પાટીદારે AIR ૧૫૮ સાથે સમગ્ર IIT બોમ્બે ઝોનમાં ગર્લ્સ કેટેગરીમાં પ્રથમ સ્થાન મેળવી નારાયણા અમદાવાદને ગૌરવ અપાવ્યું છે. દેશની સૌથી સ્પર્ધાત્મક ઝોનમાં આ સિદ્ધિ વિશેષ મહત્વ ધરાવે છે. Top ૫૦૦ અને Top ૧૦૦૦ AIR યાદીમાં વિદ્યાર્થીઓની મજબૂત હાજરી નારાયણાની શૈક્ષણિક પદ્ધતિની અસરકારકતા અને વિદ્યાર્થીઓની પ્રતિભાનું પ્રતિબિંબ છે. ગુજરાત વ્યાપી પ્રદર્શનની ઝલકમાં અમદાવાદે ગુજરાત ટોપર અને IIT બોમ્બે ઝોન ગર્લ્સ ટોપર આપીને આગેવાની લીધી છે, ત્યારે સુરત સેન્ટરે પણ ઉત્કૃષ્ટ પરિણામો સાથે રાજ્યના પ્રદર્શનમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. જેમાં ૬ વિદ્યાર્થીઓ Top ૫૦૦ AIRમાં, ૧૩ વિદ્યાર્થીઓ Top ૧૦૦૦ AIRમાં, ૩૮ વિદ્યાર્થીઓ AIR ૫૦૦૦ની અંદર અને ૪૯ વિદ્યાર્થીઓ AIR ૧૦૦૦૦ની અંદર નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે. અહિં ઉલ્લેખ કરવો જરૂરી છે કે, આ પરિણામો ગુજરાતમાં IIT-JEE તૈયારી ક્ષેત્રે નારાયણાનું વધતું પ્રભુત્વ દર્શાવે છે. અમદાવાદ અને સુરત બંને સેન્ટરોનું પ્રદર્શન નારાયણાની સુવ્યવસ્થિત શૈક્ષણિક પ્રક્રિયા, કડક ટેસ્ટિંગ સિસ્ટમ, વ્યક્તિગત માર્ગદર્શન અને ડેટા આધારિત પરીણામ સુધારણી મોડેલની સફળતા સાબિત કરે છે. માત્ર ટોચના રેન્ક્સ જ નહીં, પરંતુ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્તરે સફળતા અપાવવાની સંસ્થાની ક્ષમતા પણ આ પરિણામોમાં સ્પષ્ટપણે જોવા મળે છે.સંસ્થાના નિર્દેશક, ડૉ. પી. સિંધુરા એ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, સતત બીજા વર્ષમાં ગુજરાત સ્ટેટ ટોપર અને IIT બોમ્બે ઝોન ગર્લ્સ ટોપર આપવા એ અમારા માટે અત્યંત ગૌરવની બાબત છે. JEE Advanced ૨૦૨૬ ના પરિણામો સમગ્ર ગુજરાતમાં નારાયણાની શૈક્ષણિક વ્યવસ્થાની મજબૂતાઈ દર્શાવે છે. ૫૦૦ અને Top ૧૦૦૦ માં અનેક રેન્ક્સ તેમજ Top ૧૦૦૦૦માં નોંધપાત્ર સંખ્યામાં વિદ્યાર્થીઓનું સ્થાન મેળવવું અમારા વિદ્યાર્થીઓની મહેનત, શિક્ષકોની પ્રતિબદ્ધતા અને નારાયણાની મજબૂત શૈક્ષણિક પદ્ધતિનું પરિણામ છે. ગુજરાતમાં IIT-JEE તૈયારી માટે નારાયણા વિશ્વાસનું કેન્દ્ર બની રહ્યું છે અને ભવિષ્યના IITians ઘડવા માટે અમે સતત પ્રયત્નશીલ રહીએ છીએ.




# ભુજ ખાતે શ્રી ક્ષત્રિય રાજપૂત સેવા સંગઠન કચ્છ દ્વારા પ્રથમ વાર્ષિક હિસાબ મિટિંગ યોજાઈ

ભુજ તા. ૩

શક્તિ ધામ ભુજ ખાતે શ્રી ક્ષત્રિય રાજપૂત સેવા સંગઠન કચ્છ દ્વારા પ્રથમ વાર્ષિક હિસાબ મિટિંગ યોજાઈ રાપરના ધારાસભ્ય અને કચ્છ જિલ્લા રાજપૂત ક્ષત્રિય સમાજ ના પ્રમુખ ની અધ્યક્ષ સ્થાને મિટિંગ યોજાઈ જેમાં પુર્વ પ્રમુખ કચ્છ જિલ્લા રાજપૂત ક્ષત્રિય સમાજ જોરાવરસિંહ રાઠોડ પ્રમુખ શ્રી ગુજરાત સંકલન સમિતિ મહીલા પાખ ના પ્રમુખ ચેતનાબા પી જાડેજા કચ્છ જિલ્લા રાજપૂત ક્ષત્રિય સમાજ મહામંત્રી રામદેવ સિંહ જાડેજા કચ્છ જિલ્લા રાજપૂત ક્ષત્રિય સમાજ યુવા સભા ના પ્રમુખ ગજેન્દ્ર સિંહ જાડેજા રાજપૂત ક્ષત્રિય કન્યા છાત્રાલય ના ચેરમેન પરાક્રમસિંહ જાડેજા કચ્છ જિલ્લા રાજપૂત કરણી સેના પ્રમુખ માધુભા એમ જાડેજા ભુજ શહેર રાજપૂત ક્ષત્રિય સમાજ ના પ્રમુખ અમરસિંહ સોઢા મહામંત્રી કચ્છ જિલ્લા ભાજપ પ્રફુલ્લ સિંહ જાડેજા મહાવિર સિંહ ભાણજીભા જાડેજા ચેરમેન રાજપૂત ક્ષત્રિય સમાજ મેડિકલ એન્ડ એજ્યુકેશન તેમજ શક્તિ ધામ ભુજ ટ્રસ્ટી ગણ કાર્યકરો આગેવાનો દાતાશ્રીઓ ભુજ ખાતે રહેતા સમાજ ના આગેવાનો અને કાર્યકરો નામ ન લખી શકાય એટલી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા જેથી બધાના નામ લખી શકાય તેમ નથી માટે સહકાર આપ્યો તે બદલ કાર્યકરો એ આભાર વ્યક્ત કર્યો દાતાશ્રીઓ ના સહકાર થી ઉપરોક્ત સંગઠન હાલમાં દર મહિને ૫૫ પરીવાર ને દર મહિને રાસની કીટ ઘરબેઠા પોચાડેશે જે એક ભગીરથ કાર્ય છે આજરોજ પણ અનેક દાતાશ્રીઓ એ દાનની જાહેરાત કરી હતી અને જરૂર પડે આગામી દિવસોમાં દાન આપવામાં આવશે આજરોજ શક્તિ ધામ ભુજ સભાખંડ ભરચક જેવા મળ્યો હતો સમાજના સહકારથી કોઈ પણ કામ અટકતું નથી દરેક વક્તાઓએ આ કાયને બીરદાવયુ હતું

ભુજમાં શુદ્ધ શાકાહારી ભોજન, ઓફિસ,બેંક અને વિદ્યાર્થીઓ માટે
હોમ ડિલીવરી ફ્રી
ૐ ઓમ ટીફીન સર્વિસ
સંપર્ક મો. ૮૪૯૦૯૯૫૩૮૪

MUSKAN
RO
SALES & SERVICE
Fresh Aqua-Oseas Aqua
anam nagar, atmaram circle, bhuj-kutch, 370001
Sarif Luhar- 95103 62011
Mustak Luhar - 98258 52498



# જાયન્ટસ ગ્રુપ ભુજ દ્વારા સમર કેમ્પનું આયોજન

ભુજ તા. ૩

જાયન્ટસ ગ્રુપ ભુજ દ્વારા વિવિધ વિવિધ પ્રકલ્પો પૈકી ઉનાળુ વેકેશન દરમિયાન બાળકો માં રચનાત્મક પ્રવૃત્તિઓ નો વિકાસ થાય જેમ કે વકતૃત્વ, બુદ્ધિમતા,રમતગમત, ચિત્રકલા અને સામાન્ય જ્ઞાન તથા વેકેશન ના સમય નો સદુપયોગ થાય એ હેતુથી જાયન્ટસ હોલ ભુજ ખાતે એક દિવસીય નિઃશુલ્ક સમર કેમ્પ નું આયોજન કરવામાં આવેલ જેમાં ૬ થી ૧૪ વર્ષ ની વયના લગભગ ૬૦ બાળકો એ ઉત્સાહભેર ભાગ લીધેલ અને બાળકો ના કિલકિલાટ થી સમગ્ર હોલ ગુંજી ઉઠેલ.બાળકો ની શારીરિક શક્તિ ઓ ને જાગૃત કરવા પ્રાણાયામ ,મ્યુઝિકલચેર, લીંબુ ચમચી, બાળગીતો પર ડાન્સ સ્ટેચ્યુ જેવી મનગમતી રમતો ભાવિનીબેન ત્રિપાઠી, નિષદભાઈ મહેતા, ઉષ્માબેન શુક્લ, જયશ્રીબેન પરમાર,કિરિટસીહ જાડેજા, પરેશભાઈ ગુજરાતી અને બિપિન ભાઈ ઠક્કર દ્વારા આયોજિત કરવામાં આવેલ .દ્વિતિય સેશનમાં અતિથિ વિશેષ તરીકે સ્પેશિયલ કમિટી મેમ્બર શાંતિલાલ પટેલ, ફેડરેશન સેકેટરી પ્રદીપકુમાર જોષી, કોષાધ્યક્ષ હેમંતભાઈ ઠક્કર, ઓફિસર મીનાબેન વાઘમશી,યુડી જયસિંહભાઈ પરમાર, કન્વીનર વિનોદભાઈ ચૌહાણ,સહ કન્વીનર અરૂણકુમાર જોષી , હરિલાલ યાદવ,કચ્છમિત્ર જુનીયર ના તંત્રી સંજયભાઈ ઠાકર,ઝવેરીલાલ સોનેજી, ગૌતમભાઈ જોષી, રસિકભાઈ મકવાણા, દલપતભાઈ પાણીધરીયા, જયપ્રકાશ ગોર, સંજયભાઈ ત્રિપાઠી અને જીયા ઉપસ્થિત ત્રિપાઠી રહ્યા હતા.પમુખ અભિલાષ મહેતા એ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી જાયન્ટસ પ્રવૃત્તિઓ નો ખ્યાલ આપેલ.ફેડરેશન પ્રમુખ ડો.મધુકાત આચાર્ય દ્વારા સમર કેમ્પ નું મહત્વ અને જાયન્ટસની શૈક્ષણિક પ્રવૃત્તિઓ નો ખ્યાલ આપેલ.સંજયભાઈ ઠાકર એ કચ્છમિત્ર જુનીયર લવાજમ માં રજીસ્ટ્રેશન કરાવનાર તમામ બાળકોને ૨૫% રાહત આપવાની જાહેરાત કરેલ જેને બાળકો એ તાળીઓથી વધાવી લીધેલ.નલીયા ખાતે નવું ગ્રુપ આપવાની જાહેરાત કરનાર જયપ્રકાશ ગોર,યંગ જાયન્ટસ નવું ગ્રુપ શરૂ કરનાર જીયા ત્રિપાઠી,તેના પ્રેરક સંજયભાઈ ત્રિપાઠી નું ખાસ સન્માન કરવામાં આવ્યું.આમંત્રિત મહેમાનો એ પ્રસંગોચિત પ્રવચન કરેલ.સંચાલન કન્વીનર વિનોદભાઈ ચૌહાણ અને સહ કન્વીનર અરૂણકુમાર જોષી દ્વારા કરવામાં આવેલ.

આગલા સત્ર માં બાળકો ની માનસિક વિચાર શક્તિ વિકસાવે એ પ્રકારના કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા.કવિઝ સ્પર્ધા માં બાળકો ને રસ પડે એ રીતની પ્રશ્નાવલી નિષદભાઈ મહેતા દ્વારા તૈયાર કરવામાં આવેલ.બાળકોની રચનાત્મક શક્તિ વિકસાવવા જયસિંહભાઈ પરમાર દ્વારા અલગેરીધમ અને વિવિધ જાતની આકૃતિઓ બનાવડાવા માં આવી.જાદુ ના વિવિધ પ્રોગ્રામ દર્શાવવામાં આવ્યા.હેમાલીબેન માંડલિયા એ સાયમન પધ્ધતિ થી બાળકોને જ્ઞાન આપેલ.બાળકોને વિવિધ વાર્તા ઓ દ્વારા જ્ઞાન આપવામાં આવ્યું અને બાળકો એ પણ વિવિધ વાર્તા ઓ રજુ કરી.નિરવભાઈ ગઢાઈએ આગવી શૈલી માં બાળકોને આનંદીત કરેલ.જયસુખભાઈ પારેખ દ્વારા પક્ષી જગત ને લગતી રસપ્રદ ડોક્યુમેન્ટરી વિવરણ સાથે દર્શાવવામાં આવી અને જીયા ત્રિપાઠી ની શોર્ટ ફિલ્મ દર્શાવવામાં આવી.વિજેતા બાળકો અને ભાગ લેનાર તમામ બાળકોને ઈનામો તથા પ્રમાણપત્ર આપવામાં આવ્યા.તથા સમગ્ર દિવસ દરમ્યાન ભોજન અને અન્ય સુવિધાઓ આપવામાં આવી. કાર્યક્રમ ને શંકરલાલભાઈ માણેક, રણજીતભાઈ ઠક્કર, શશીકાંતભાઈ ઠક્કર અને ગ્રુપ ના સભ્યો દ્વારા આર્થિક અનુદાન આપવામાં આવેલ. કાર્યક્રમ ને સફળ બનાવવા ફેડરેશન અધિકારી વાડીલાલ મોરબીયા,હરિશભાઈ હંસોરા,મયુરસિહ જાડેજા ,રક્ષાબેન ત્રિપાઠી, શૈલેશભાઈ વસા, કાન્તિભાઈ દાવડા, મહેશભાઈ ચાવડા,વિનોદભાઈ ગોર, રાજેશભાઈ ઠક્કર, પરેશભાઈ ગણાત્રા,તરૂણ ભાઈ કોઢિયા, અશોકભાઈ માંડલિયા , આરતીબેન ઝાલા, રાજુલાબેન કારાણી ,ગોપીબેન રાઠોડ એ ખાસ જહેમત ઉઠાવેલ.આભારવિધી અરૂણકુમાર જોષી દ્વારા કરવામાં આવેલ.

# સીએમઆર ગ્રીન ટેક્નોલોજીસ લિમિટેડનો આઈપીઓ ૩ જૂનના ખુલશે

## ઓફરનો પ્રાઈઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર રૂ. ૧૮૨થી રૂ. ૧૯૨ નક્કી કરવામાં આવ્યો

અમદાવાદ તા. ૩

સીએમઆર ગ્રીન ટેક્નોલોજીસ લિમિટેડ ઈક્વિટી શેર્સના તેના આઈપીઓ સંદર્ભે બિડ/ઓફર બુધવાર, ૩ જૂન, ૨૦૨૬ના રોજ ખોલશે. ઓફરમાં વેચાણકર્તા શેરધારકો દ્વારા ૩,૨૮,૫૮,૩૨૩ સુધીના ઈક્વિટી શેર્સ (પ્રત્યેક રૂ. ૨ની ફેસ વેલ્યુના)ની વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. ઓફર કરાયેલા શેર્સમાં મોહન અગરવાલ દ્વારા ૪૯,૫૯,૪૨૮ સુધીના ઈક્વિટી શેર્સ, ગૌરી શંકર અગરવાલ એચયુએફ (તેમના કર્તા દ્વારા) દ્વારા ૧૦,૦૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેર્સ, મોહન અગરવાલ એચયુએફ દ્વારા ૫,૦૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેર્સ તેમના કર્તા દ્વારા, અને ગ્લોબલ સ્ક્રેપ પ્રોસેસર્સ લિમિટેડ દ્વારા ૨,૬૩,૯૮,૮૯૫ સુધીના ઈક્વિટી શેર્સનો સમાવેશ થાય છે. આ ઓફરમાં લાયક કર્મચારીઓ દ્વારા સબ્સ્ક્રીપ્શન માટે રૂ. ૨૫ મિલિયન સુધીના મૂલ્યના એટલી જ સંખ્યામાં ઈક્વિટી શેર્સ અનામત રાખવાનો સમાવેશ થાય છે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઓફર મંગળવાર, ૨ જૂન, ૨૦૨૬ના રોજ ખુલશે અને બંધ થશે. બિડ/ઓફર સબ્સ્ક્રીપ્શન માટે બુધવાર, ૩ જૂન, ૨૦૨૬ના રોજ ખુલશે અને શુક્રવાર, ૫ જૂન, ૨૦૨૬ના રોજ બંધ થશે. બિડ્સ લઘુતમ ૭૮ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૭૮ ઈક્વિટી શેર્સના




ગુણાંકમાં કરી શકાય છે.આ ઈક્વિટી શેર્સ ચંદીગઢ ખાતે રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ, હરિયાણામાં ૨૭ મે, ૨૦૨૬ના રોજ ફાઈલ કરાયેલા કંપનીના રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર કરવામાં આવે છે. રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર કરવામાં આવેલા ઈક્વિટી શેર્સનું બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ જેવા શેરબજારો પર લિસ્ટિંગની યોજના છે. ઓફરના હેતુઓ માટે બીએસઈ નિયુક્ત શેર બજાર છે.

આ ઓફર સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) નિયમો, ૧૯૫૭ના નિયમ ૧૯(૨)(બી) તેમજ સેબી આઈસીડીઆર નિયમોના નિયમ ૩૧ સાથે વાંચતા સુધારા મુજબ કરવામાં આવી રહી છે. ઓફર સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૬(૧)ના અનુસંધાનમાં બુક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા કરવામાં આવી રહી છે જેમાં નેટ ઓફરનો મહત્તમ ૫૦ ટકા હિસ્સો પ્રમાણસર ધોરણે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સ માટે ઉપલબ્ધ રહેશે, એ શરતે કે અમારી કંપની બુક રનિંગ લીડ મેનેજર્સ સાથે ચર્ચા કરીને સેબી આઈસીડીઆર નિયમનો મુજબ વિવેકાધીન આધારે એન્કર ઈન્વેસ્ટર્સને ક્યુઆઈબી પોર્શનનો ૬૦ ટકા સુધીનો હિસ્સો ફાળવી શકે છે. ઈક્વિરસ કેપિટલ લિમિટેડ (જે અગાઉ ઈક્વિરસ કેપિટલ પ્રાઈવેટ લિમિટેડ હતી), આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝ લિમિટેડ અને મોતીલાલ ઓસ્વાલ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ લિમિટેડ આ ઓફરના બુક રનિંગ લીડ મેનેજર્સ છે.

Printer, Publisher & Owned by RAM KARSHANDAS THACKER Printed at JAHNAVI Offset, 105/B,Lotus colony BHUJ-KUTCH370001. Publish at VAVAD, 'AKSHARDHAM' 104/A, Lotus colony BHUJ-KUTCH,Editor RAM KARSHANDAS THACKER

# માંડવીનું એસ.ટી. બસ સ્ટેશન તમાકુ મુક્ત બનશે

## નરેશમુનિ આનંદ પ્રેરિત વ્યસનમુક્તિ અભિયાન અને જનકલ્યાણ મેડિકલ સોસાયટી દ્વારા તમાકુ નિષેધ દિવસ ઉજવાયો

જયેશ શાહ દ્વારા,
માંડવી, તા.૩

પ.પૂ. નરેશમુનિ "આનંદ" પ્રેરિત વ્યસનમુક્તિ અભિયાન - માંડવી અને માંડવીની જનકલ્યાણ મેડિકલ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે, દર વર્ષની જેમ આ વર્ષે પણ આજે તા. ૩૧-૦૫-૨૦૨૬ ને રવિવારના રોજ "વિશ્વ તમાકુ નિષેધ દિવસ"ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

માંડવીના એસ.ટી. બસ ડેપોમાં આજે રવિવારે બપોરે ૧૨ વાગે માંડવી નગર સેવા સદનના નગર અધ્યક્ષા શ્રીમતી વર્ષાબેન જોશીના પ્રમુખપદે યોજાયેલા કાર્યક્રમમાં ડેપો મેનેજર નિમિષાબેન કે. ઠક્કર મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે માંડવી શહેર ભાજપના પ્રમુખ દર્શનગીરી ગોસ્વામી, વ્યસનમુક્તિ અભિયાનના પ્રમુખ ડૉ. દિનેશભાઈ જોશી અને જનકલ્યાણ મેડિકલ સોસાયટીના મંત્રી અરવિંદભાઈ શાહ અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

પ્રારંભમાં વ્યસનમુક્તિ અભિયાનના મંત્રી તથા ખજાનચી દિનેશભાઈ મણીલાલ શાહે સૌને આવકારી, વિશ્વ તમાકુ નિષેધ દિનની ઉજવણીનો હેતુ સમજાવ્યો હતો.

વ્યસનમુક્તિ અભિયાનના પ્રમુખ ડૉ. દિનેશભાઈ જોશીએ પણ પ.પૂ. નરેશમુનિ "આનંદ" મ.સા. અને તેમના શિષ્યરત્ન પ.પૂ. ઓજસમુનિ "મંગલ" મ.સા. દ્વારા ચાલતા વ્યસનમુક્તિ અભિયાનની વિવિધ પ્રવૃત્તિઓથી અનેક લોકો વ્યસન મુક્ત બન્યા છે.





જનકલ્યાણ મેડિકલ સોસાયટીના મંત્રી અરવિંદભાઈ શાહે જણાવ્યું હતું કે, સંસ્થા દ્વારા વ્યસન મુક્તિના અનેક કાર્યક્રમોથી અનેક લોકો કેન્સર મુક્ત બન્યા છે.

માંડવીના ધારાસભ્ય માનનીય અનિરુદ્ધભાઇ દવેએ બંને સંસ્થાને અભિનંદન પાઠવી કાર્યક્રમને શુભેચ્છા પાઠવી હતી.

માંડવી શહેર ભાજપના પ્રમુખ દર્શનગીરી ગોસ્વામીએ આયોજક બંને સંસ્થાને અભિનંદન પાઠવી, માંડવી ભાજપ તરફથી સાથ સહકાર આપવાની જાહેરાત કરી હતી.

પ્રમુખ સ્થાનેથી નગર અધ્યક્ષા શ્રીમતી વર્ષાબેન જોશીએ વિશ્વ તમાકુ નિષેદ દિવસની ઉજવણી બદલ બંને સંસ્થાને અભિનંદન પાઠવી, વ્યસન મુક્તિના કાર્યક્રમને માંડવી નગર સેવા સદન તરફથી સંપૂર્ણ સાથ સહકારની ખાત્રી આપી હતી.

ડેપો મેનેજર નિમિષાબેન કે. ઠક્કરે પ.પૂ. નરેશમુનિ "આનંદ" મ.સા. લિખીત પુસ્તક "વિહારનો વૈભવ ભાગ-૬" નું વિમોચન કરતા જણાવ્યું હતું કે, માંડવી એસ.ટી. ડેપો તમાકુ મુક્ત ડેપો બનશે. નિમિષાબેન ઠક્કરની આ જાહેરાતને લોકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ ડેપોમાં વ્યસન કરનારને સરકારશ્રીના નિયમો મુજબ દંડની રકમ વસૂલ કરવામાં આવે છે.

માંડવી ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વાડીલાલભાઈ દોશી, વી.આર.ટી.આઈ. સંસ્થાના ગોરધનભાઈ પટેલ (કવિ), અને સારસ્વતમ સંસ્થાના વહીવટી અધિકારી મુલેશભાઈ દોશીએ આયોજક બંને સંસ્થાને અભિનંદન પાઠવી પોતાના સાથ સહકારની ખાત્રી આપી હતી. આ વર્ષે પણ પ.પૂ. નરેશમુનિ અને ઓજસમુનિના દરસડી (તા.માંડવી)માં ચાતુર્માસમાં વ્યસન મુક્તિના ડાયરા કરવાની ગોરધનભાઈ પટેલે જાહેરાત કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન વ્યસનમુક્તિ અભિયાનના મંત્રી/ખજાનચી દિનેશભાઈ શાહે કરેલ હતું જ્યારે ઉપપ્રમુખ જયેશભાઈ જી. શાહે આભારદર્શન કરેલ હતું.

આ પ્રસંગે માંડવી એસ.ટી. ડેપોમાં અને બસો ઉપર વ્યસન મુક્તિને લગતા સ્ટીકર લગાવવામાં આવ્યા હતા તેમજ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે માંડવી ડેપો ના માન્ય ડો. જય કિર્તીભાઈ મહેતા, શહેરની જૈનનૂતન પ્રા.શાળાના આચાર્ય પુનિતભાઈ વાસાણી, ચંદ્રિકાબેન ભાસ્કરભાઇ મહેતા, વાડીલાલભાઈ દોશી, મુલેશભાઈ દોશી, અપર્ણાબેન વ્યાસ, ગોરધનભાઈ પટેલ (કવિ), મિતેશભાઈ મહેતા, માંડવી નગર સેવા સદનના નગરસેવકો નીતાબેન ભાનુશાલી, કલ્પનાબેન પરમાર, નિર્મળાબેન માલમ, દીપકભાઈ ફુફલ, મલયભાઈ લાલન, પૂર્વ સદસ્ય પારસભાઈ માલમ, મહેન્દ્રભાઈ માલમ, વિશ્રામભાઈ ગઢવી, ડો.ચંદારાણા, દિપકસિંહ જાડેજા, કમલેશ ગઢવી સહિત નગરજનો અને પ્રવાસીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

માંડવી ડેપોના T.C. નીતિનભાઈ ભાનુશાલી, રમણીકભાઈ સલાટ, મિહિર ધીરજ મહેતા (ભુજ) અને સંદીપ કષ્ટા, નિકુંજ ગોર વગેરે સહયોગી રહ્યા હતા. પ.પૂ. નરેશમુનિ અને પ.પૂ. ઓજસમુની મ.સાહેબે દેવલાલી (મહારાષ્ટ્ર) અને કિરણભાઈ સંઘવી (મુંબઈ ) અને અરવિંદભાઈ જોશીએ (મુંબઈ) થી કાર્યક્રમને શુભેચ્છા પાઠવી હતી.



# પરષોત્તમ માસ નિમિતે બાળકોને બિસ્કિટ વિતરણ

જયેશ શાહ દ્વારા,
માંડવી, તા. ૨

પુરુષોત્તમ માસની પાવન અવસરે જાયનટ્સ ગ્રુપ દ્વારા દરિયાકિનારે રહેતા બાળકોને બિસ્કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમાજસેવા અને માનવતાના ભાવ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં બાળકોના ચહેરા પર આનંદ ઝળહળી ઉઠ્યો હતો.

આ સેવાકાર્યમાં પરિનભાઈ વાજા, હિંમતસિંહ જાડેજા, પરાગભાઈ પરમાર તથા પાનુભાઈ દરજી દ્વારા સહકાર અને સાથ સહકાર આપવામાં આવ્યો હતો. તેમના સહયોગથી આ આયોજન સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

આ પ્રસંગે જાયનટ્સ ગ્રુપના સભ્યોએ જણાવ્યું હતું કે પુરુષોત્તમ માસ દરમિયાન સેવા કાર્ય કરવાનું વિશેષ પુણ્યરૂપ માનવામાં આવે છે અને આગળ પણ આવા સેવાકીય કાર્યક્રમો સતત યોજાતા રહેશે.

આ કાર્યક્રમ દ્વારા બાળકોમાં ખુશીની લાગણી સાથે માનવતા અને સેવા નો સુંદર સંદેશ પ્રસરી ગયો હતો.

# અદાણી ફાઉ.નો માનવીય સ્પર્શ : કચ્છના અંતરિયાળ ગામોમાં આરોગ્ય સેવા પહોંચતી થઈ

## 11 ગામોમાં આરોગ્ય કેમ્પ – 1350થી વધુ લાભાર્થી, નિષ્ણાત સારવાર ગામના દ્વારે

ભુજ, તા. ૩

:કચ્છ જેવો વિશાળ અને વિસ્તરેલા જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય જાગૃતિ અને સુવિધાઓનો અભાવ આજે પણ એક મોટો પડકાર છે. આવા સમયમાંઅદાણી ફાઉન્ડેશનદ્વારા લેવામાં આવતી આરોગ્ય પહેલો ગ્રામ્ય જીવનમાં આશાનો કિરણ પુરવાર થઈ રહી છે.

અદાણી હોસ્પિટલ, મુન્દ્રા અને જી.કે. જનરલ હોસ્પિટલ, ભુજના સહયોગથી જિલ્લા ના વિવિધ તાલુકાઓમાંસ્પેશિયાલિટી અને સુપર સ્પેશિયાલિટી આરોગ્ય નિદાન તથા સારવાર કેમ્પોનું આયોજન કરીને ગામડાં સુધી ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવા પહોંચાડવામાં આવી રહી છે.

આ કેમ્પોમાં આંખ, બાળરોગ, દાંત, હાડકાં, સ્ત્રીરોગ અને જનરલ ફિઝિશિયન જેવા ક્ષેત્રોના નિષ્ણાત ડોક્ટરો દ્વારા ગામે જ તપાસ અને સારવાર કરવામાં આવી હતી, દર્દીઓને તેમની આરોગ્ય સ્થિતિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું, નિશુલ્ક દવાઓ આપવામાં આવી અને જરૂર મુજબ આગળની સારવાર માટે હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા.

11 ગામો, 1350+ દર્દીઓ – અસરકારક આરોગ્ય સેવાઓ:

એપ્રિલ અને મે 2026 દરમિયાન મુન્દ્રા, અંજાર, દયાપર અને



ખાવડા વિસ્તારનાકુલ 11 અંતરિયાળ ગામોમાં આરોગ્ય કેમ્પો યોજાયા જેમાં મુન્દ્રા તાલુકાનામોટા કાંડાગરા, લુણી, રામણીયા, ગેલડા, વાઘુરા, અંજારના તાલુકામાં વીરા, ભલોટ, દયાપર સાઈટ ખાતે દેશલપુર-ગુતલી, ઉગેડી, ખાવડા સાઈટ ખાતેનાના અને મોટા બાંધા. આ કેમ્પોમાં કુલ મળી 1350થી વધુ ગ્રામજનોએ આરોગ્ય સેવાઓનો લાભ લીધો, જે ગ્રામ્ય આરોગ્ય ક્ષેત્રમાં મહત્વપૂર્ણ પ્રગતિ દર્શાવે છે.

આ વિષે અદાણી પોર્ટ્સના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી રક્ષિતભાઈ શાહે જણાવ્યું હતું કેઅદાણી ફાઉન્ડેશનનીઆ પહેલો માત્ર સારવાર પૂરતી મર્યાદિત નથી, પરંતુ ગ્રામ્ય સમાજમાં આરોગ્ય જાગૃતિ, વિશ્વાસ અને જીવનની ગુણવત્તામાં સુધારો લાવવાનો છે. અમારો ઉદ્દેશ કચ્છના દૂરદરાજ વિસ્તારોમાં પહોંચતી આ સેવાઓ એકસ્વસ્થ અને સશક્ત સમાજ નિર્માણ તરફ લઈ જવાનો છે.

આ પહેલમાં જિલ્લા અને તાલુકા આરોગ્ય વિભાગ, ગ્રામ પંચાયતો, સરપંચશ્રીઓ અને સ્થાનિક આગેવાનોનો મહત્વપૂર્ણ સહયોગ રહ્યો હતો સાથે સાથે, અદાણી ફાઉન્ડેશન દ્વારાસરકારશ્રીની વિવિધ યોજનાઓ સાથે લાભાર્થીઓને જોડવાનું કાર્ય પણ સક્રિય રીતે કરવામાં આવ્યું. માત્ર કેમ્પ પૂરતી મર્યાદા નહીં રાખતા, ફાઉન્ડેશન દ્વારા મુન્દ્રા, લખપત, ખાવડા અને અબડાસા વિસ્તારમાં આવેલા Health Sub Center, PHC તથા CHC ને આરોગ્ય સાધન સહાય અને નિષ્ણાત ડોક્ટર સેવા દ્વારા મજબૂત બનાવવામાં આવી રહ્યા છે.





# જાયન્ટ્સ ગ્રુપ ઓફ માંડવી દ્વારા ૨૫૮મો આરોગ્ય કેમ્પ યોજાયો

જયેશ શાહ દ્વારા
માંડવી, તા. ૩

જાયન્ટ્સ ગ્રુપ ઓફ માંડવીના આરોગ્ય પ્રોજેક્ટ અંતર્ગત "વસુધૈવ કુટુંબકમ"ના ઉમદા સૂત્ર સાથે હિમોગ્લોબીન તપાસણી, આરોગ્ય માર્ગદર્શન અને નિઃશુલ્ક દવા વિતરણનો 258મો કેમ્પ આજે લાખાસર ચોક સ્થિત શિવશાંતિ ક્લિનિક ખાતે સફળતાપૂર્વક યોજાયો.

આ કેમ્પ કાયમી દાતા સ્વર્ગસ્થ પ્રેમજી નારાણ છભાડીયાની સ્મૃતિમાં આયોજિત કરવામાં આવ્યો હતો. કેમ્પ દરમિયાન મોટી સંખ્યામાં લાભાર્થીઓએ હિમોગ્લોબીન ચકાસણી કરાવી આરોગ્ય અંગે નિષ્ણાત માર્ગદર્શન મેળવ્યું તેમજ જરૂરી દવાઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું.

કાર્યક્રમનું માર્ગદર્શન આરોગ્ય પ્રોજેક્ટના ચેરમેન ડૉ. સંજયભાઈ કોઠારીએ આપ્યું હતું. જાયન્ટ્સ ગ્રુપ ઓફ માંડવીના પ્રમુખ શ્રી રાજેશભાઈ સોની તથા મંત્રી શ્રી હર્ષ ત્રિવેદીની ઉપસ્થિતિમાં સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો.

જાયન્ટ્સ ગ્રુપ ઓફ માંડવી દ્વારા સમાજના આરોગ્ય અને જનકલ્યાણ માટે સતત આવા સેવાકીય કાર્યક્રમો યોજવામાં આવે છે, જે સમાજના વિવિધ વર્ગોને લાભદાયી સાબિત થઈ રહ્યા છે.

અંતે આયોજકોએ કેમ્પને સફળ બનાવવા માટે, ડો .શાંતિભાઈ મલ્લી, ડૉ.સંજયભાઈ કોઠારી, યોગેશભાઈ ત્રિવેદી, પરાગભાઇ પરમાર, પાનુભાઈ દરજીએ સહકાર આપ્યો તથા તમામ દાતાશ્રીઓ, તબીબો, સ્વયંસેવકો તથા ઉપસ્થિત નાગરિકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# નિરોણામાં વીજ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની ગ્રામ પંચાયતની માંગ

## હરીપર AG ફોલ્ટ અને વીજ સમસ્યાની ગ્રામ પંચાયતે PGVCLને કરી રજૂઆત

દેશલપર (ગુંતલી), તા. ૩

નખત્રાણા તાલુકાના મુખ્ય મથક સમાન નિરોણા ગામમાં છેલ્લા કેટલાક સમયથી વીજ પુરવઠા સંબંધિત ગંભીર સમસ્યાઓ સર્જાતા ગ્રામજનો, વેપારીઓ, વિદ્યાર્થીઓ અને ખેડૂતો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ મુદ્દે નિરોણા જૂથ ગ્રામ પંચાયત દ્વારા પીજીવીસીએલ (PGVCL)ના કાર્યપાલક ઇજનેરને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

ગ્રામ પંચાયતની રજૂઆતમાં જણાવાયું છે કે ગામમાં વારંવાર વીજ કાપ, લો વોલ્ટેજ, જર્જરિત વીજ લાઈનો, ટ્રાન્સફોર્મરની અપૂરતી ક્ષમતા સહિતની અનેક સમસ્યાઓના કારણે લોકો પરેશાન છે. હાલ હરીપર AG ફીડરમાં સર્જાયેલા ફોલ્ટને કારણે છેલ્લા ત્રણ દિવસથી વીજ પુરવઠો સતત ખોરવાઈ રહ્યો છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ પીજીવીસીએલ દ્વારા દર 10 મિનિટે લાઈન ટ્રાય આપવામાં આવતી હોવાથી સમગ્ર ગામની વીજ વ્યવસ્થા અસ્તવ્યસ્ત બની ગઈ છે. અનેક રજૂઆતો છતાં સંબંધિત અધિકારીઓ ફોન ઉપાડતા નથી તેવી પણ ફરિયાદો ઉઠી રહી છે.

વીજ સમસ્યાની સીધી અસર નિરોણા કુમાર તથા કન્યા શાળા, હાઈસ્કૂલ અને આંગણવાડી કેન્દ્રોમાં ચાલી રહેલી પ્રવેશ પ્રક્રિયા પર પડી રહી છે. ઉપરાંત પોલીસ સ્ટેશનની કામગીરીમાં પણ વિક્ષેપ સર્જાઈ રહ્યો છે. ગામની દૂધ ડેરીઓમાં સવારે અને સાંજે દૂધ સ્વીકારતી મશીનો વારંવાર બંધ પડી જતાં પશુપાલકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

નિરોણા સ્થિત બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં આશરે 42 હજારથી વધુ ખાતાધારકોનો વહીવટ થતો હોવાથી વારંવાર વીજ વિક્ષેપના કારણે બેંકિંગ સેવાઓ પણ પ્રભાવિત થઈ રહી છે. ઉપરાંત સ્ટીલ, ટાઇલ્સ, વેલ્ડિંગ સહિતના નાના-મોટા ઉદ્યોગો અને વેપારીઓને પણ આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું છે.

ગ્રામ પંચાયતે રજૂઆતમાં નવા અને વધુ ક્ષમતાવાળા ટ્રાન્સફોર્મર, જર્જરિત થાંભલાઓનું બદલતર, વીજ લાઈનોનું સમારકામ તેમજ નિરોણા 66 કે.વી. સબસ્ટેશન સંબંધિત કામગીરી ઝડપથી પૂર્ણ કરવાની માંગણી કરી છે. સાથે જ હરીપર AG ફીડરના ફોલ્ટને યુદ્ધના ધોરણે શોધી તેનો કાયમી ઉકેલ લાવવા પણ તંત્રને અનુરોધ કરવામાં આવ્યો છે.

### બાકી કામો પૂર્ણ નહીં થાય તો 66 કે.વી. સબસ્ટેશનને તાળાબંધીની ચીમકી

ગ્રામ પંચાયત દ્વારા વધુમાં ચેતવણી આપવામાં આવી છે કે રજૂઆતમાં દર્શાવાયેલા બાકી કામોને અગ્રતા આપી તાત્કાલિક પૂર્ણ કરવામાં નહીં આવે તેમજ વીજ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં નહીં આવે તો ગ્રામજનો સાથે મળી નિરોણા સ્થિત 66 કે.વી. સબસ્ટેશનને તાળાબંધી કરવામાં આવશે. ઉપરાંત પીજીવીસીએલની વીજ બિલ વસૂલાત અને કલેક્શન કામગીરીનો પણ બહિષ્કાર કરવામાં આવશે. આંદોલનાત્મક કાર્યક્રમો દરમિયાન સર્જાનારી પરિસ્થિતિની સંપૂર્ણ જવાબદારી પીજીવીસીએલ તંત્રની રહેશે તેમ ગ્રામ પંચાયત દ્વારા જણાવાયું છે.

સરપંચશ્રીએનટીઆહીરેજણાવ્યુંહતુંકેગામનાવિકાસઅનેનાગરિકોનીસુવિધા માટે વીજ સમસ્યાનું તાત્કાલિક અને કાયમી નિરાકરણ જરૂરી છે. ગ્રામ પંચાયતે પીજીવીસીએલ તંત્રને વહેલી તકે યોગ્ય પગલાં લઈ પ્રશ્નનો ઉકેલ લાવવા માંગ કરી છે.

## મુંબઈ અને કચ્છથી મોટી સંખ્યામાં રસિકજનો ઉમટ્યા

# ઉત્તર પ્રદેશના બરસાના ધામમાં ખાતે 'વ્રજપ્રભા ગ્રંથ પારાયણ'નો મંગલ પ્રારંભ

ભુજ, તા. ૩

બરસાણા ઉત્તરપ્રદેશના સુપ્રસિદ્ધ યાત્રાધામ બરસાના નજીક આવેલા ચીકસોલી ગામના રાસ મંડપ ખાતે 'શ્રીમદ્દ શ્રી વ્રજપ્રભા ગ્રંથ પારાયણ' જ્ઞાન સપ્તાહનો મંગલ પ્રારંભ ભક્તિભાવપૂર્ણ માહોલમાં થયો છે. નિજાનંદ સંપ્રદાયના ગાદીપતિ તથા અંજાર સચ્ચિદાનંદ મંદિરના મહંત પૂજ્ય શ્રી ત્રિકમદાસજી મહારાજના વ્યાસાસને આ ભવ્ય ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ધાર્મિક મહોત્સવના મુખ્ય મનોરથી માતૃશ્રી કમબેનિ રણછોડભાઈ રાધુભાઈ રાવત પરિવાર છે. કથાના પ્રથમ દિવસે બરસાના સ્થિત માતાજી ગૌશાળાથી ભવ્ય પોથીયાત્રા નીકળી હતી, જેમાં મોટી સંખ્યામાં રસીકજનોએ ભાગ લીધો હતો. કથાના મંગલાચરણ બાદ યજમાન રાવત પરિવાર દ્વારા વિધિવત રીતે પોથી પૂજન અને ગુરુપૂજન કરવામાં આવ્યું હતું.આ તકે ભગવાનદાસજી મહારાજ ઉપસ્થિત રહ્યા હતા

સાત દિવસીય આ જ્ઞાન સપ્તાહ દરમિયાન વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોની વણઝાર જોવા મળશે. તા. ૩ જૂને શ્રી રાધા મહારાણીનો જન્મોત્સવ ઉજવાશે. તા. ૪ જૂને શ્રીકૃષ્ણ જન્મોત્સવ પ્રસંગે રાજસ્થાનના પ્રખ્યાત રાધે ઉપાસક ગોવત્સ વિઠ્ઠલજી ભજનની રમઝટ બોલાવશે. તા. ૫ જૂને ગોવર્ધન પૂજન સાથે સાંજે લલિતા સખીના જન્મસ્થળ ઊંચાગામ ખાતે કચ્છના ખ્યાતનામ ગાયક નંદલાલ છાંગાના સુમધુર સ્વરો સાથે ભવ્ય રાસોત્સવ યોજાશે. જ્યારે તા. ૬ જૂને શ્રી રાધારાણી અને શ્રીકૃષ્ણનો અલૌકિક વનવિવાહ ઉત્સવ ઉજવાશે. આ ભવ્ય ધાર્મિક મહોત્સવને લઈ કચ્છ અને મુંબઈના રસિકજનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યું હતું.

## અમદાવાદ મંડળમાં "હરિત અને સતત રેલ પરિચાલન" થીમ હેઠળ

# વિશ્વ પર્યાવરણ દિવસ અભિયાનનું આયોજન

ભુજ, તા. ૩

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા 27 મે થી 30 મે, 2026 દરમિયાન "વિશ્વ પર્યાવરણ દિવસ અભિયાન"નું આયોજન "હરિત અને સતત રેલ પરિચાલન" (Green and Sustainable Railway Operations) વિષય અંતર્ગત કરવામાં આવ્યું હતું. આ અભિયાનનો ઉદ્દેશ્ય પર્યાવરણ સંરક્ષણ, ટકાઉ વિકાસ તેમજ જનજાગૃતિને પ્રોત્સાહન આપવાનો હતો.

અભિયાન દરમિયાન મંડળના વિવિધ સ્ટેશનો, રેલવે કોલોનીઓ, ઓફિસ પરિસરો તથા અન્ય રેલવે સંપત્તિઓમાં "એક વૃક્ષ માંના નામે" અભિયાન અંતર્ગત વ્યાપક સ્તરે વૃક્ષારોપણ કાર્યક્રમો યોજવામાં આવ્યા. આ કાર્યક્રમો દ્વારા વધુમાં વધુ છોડ રોપીને હરિત આવરણ વધારવા તથા પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો

રેલવે સ્ટેશનો, રેલવે કોલોનીઓ તથા તેમની આસપાસના વિસ્તારોને હરિત અને સ્વચ્છ બનાવવા માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યા. સાથે જ સ્ટેશનોની આસપાસ આવેલા બગીચાઓ અને ઉદ્યાનોના જતન, સૌંદર્યીકરણ અને સ્વચ્છતા પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું, જેથી મુસાફરો તથા સ્થાનિક નાગરિકોને સ્વચ્છ અને હરિત પર્યાવરણ મળી શકે.



રેલવે કોલોનીઓમાં સતત જીવનશૈલી (Sustainable Living)ને પ્રોત્સાહન આપવા માટે જાગરૂકતા કાર્યક્રમો યોજવામાં આવ્યા. આ કાર્યક્રમોમાં કુદરતી સંસાધનોના સંરક્ષણ, સ્વચ્છ પર્યાવરણ તથા પર્યાવરણ-અનુકૂળ આદતો અપનાવવાની મહત્વતા પર પ્રકાશ પાડવામાં આવ્યો. ઉપરાંત સ્વચ્છ હવા અને હરિત વિસ્તારોના આરોગ્ય પર થતા સકારાત્મક પ્રભાવ અંગે આરોગ્ય જાગરૂકતા અભિયાન પણ ચલાવવામાં આવ્યા.

અભિયાન દરમિયાન ઇ-કચરા (E-Waste)ના પર્યાવરણીય દૂષ્પ્રભાવો, તેના યોગ્ય સંગ્રહ, નિકાલ તથા પુનર્ચક્રણ (Recycling) અંગે વ્યાપક જનજાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા. કર્મચારીઓ તથા સામાન્ય જનતાને જવાબદાર કચરા વ્યવસ્થાપન માટે પ્રેરિત કરવામાં આવ્યા.

પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન આપવા માટે કપડાં તથા જૂટના થેલાઓના ઉપયોગને પ્રોત્સાહિત કરવામાં આવ્યા તેમજ વન સ્ટેશન વન પ્રોડક્ટ (OSOP) યોજનાના અંતર્ગત ઉપલબ્ધ પર્યાવરણ-અનુકૂળ ઉત્પાદનો અંગે જાગરૂકતા વધારવામાં આવી. ભારતીય રેલની હરિત પહેલને આગળ વધારતા અભિયાન દરમિયાન ડિજિટલ ટિકિટિંગને પ્રોત્સાહન આપવા તથા કાગળના ઉપયોગને ઘટાડવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો, જેથી સંસાધનોનું સંરક્ષણ થઈ શકે અને પર્યાવરણ-અનુકૂળ રેલ પરિચાલન ને પ્રોત્સાહન મળે.

# માંડવી જીતો લેડીઝ વિંગની સ્થાપના અને શપથવિધિ સમારોહ યોજાયો

## મહિલા નેતૃત્વ અને સમાજસેવામાં મહત્વપૂર્ણ ભૂમિકા : ડૉ. કિંજલ શાહને જીતોં ભુજ ચેપ્ટરના ચીફ પેટ્રન મેમ્બર જાહેર

જયેશ શાહ દ્વારા,
માંડવી, તા. ૩

જૈન ઇન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન (જીતો) ભુજ ચેપ્ટર અંતર્ગત જીતો લેડીઝ વિંગ - માંડવીની સ્થાપના અને શપથવિધિ સમારોહ તા. ૩૧ મે, ૨૦૨૬ના રોજ ભવ્ય અને ગૌરવપૂર્ણ વાતાવરણમાં યોજાયો હતો. સમાજના અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ, શિક્ષણવિદો, મહિલાઓ તથા જૈન સમાજના સભ્યોની નોંધપાત્ર ઉપસ્થિતિએ કાર્યક્રમને ઐતિહાસિક બનાવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત નવકાર મહામંત્ર અને દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. દીપ પ્રાગટ્ય વિધિમાં જીતો ગુજરાત ઝોનના ચેરમેન શ્રી સંજીવ છાજેર, વાઇસ ચેરમેન શ્રી કેતન મહેતા, ટ્રેઝરર શ્રી મોહનજી, ગુજરાત ઝોન લેડીઝ વિંગના કન્વીનર શ્રીમતી સંગીતા શાહ, ગુજરાત ઝોન એડમિનિસ્ટ્રેટર શ્રીમતી સુમનજી (અમદાવાદ), જીતોં ભુજ ચેપ્ટરના ચેરમેન શ્રી પંકજ મહેતા તથા ચીફ સેક્રેટરી શ્રી બીજું શાહ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં જીતો ભુજ ચેપ્ટરના ચેરમેન શ્રી પંકજ મહેતાએ સ્વાગત પ્રવચન આપતાં ભુજ ચેપ્ટરની વિવિધ પ્રવૃત્તિઓ, સમાજસેવા, યુવા વિકાસ, વ્યવસાયિક નેટવર્કિંગ તથા મહિલા સશક્તિકરણ માટેના પ્રયાસોની વિસ્તૃત માહિતી આપી હતી. ત્યારબાદ જીતોં ભુજ ચેપ્ટરના ચીફ સેક્રેટરી શ્રી



બીજું શાહ ચેપ્ટરના કામગીરી, ભાવિ યોજનાઓ અને માંડવી લેડીઝ વિંગની રચનાના મહત્ત્વ અંગે પ્રકાશ પાડ્યો હતો.

ગુજરાત ઝોનના ચેરમેન શ્રી સંજીવ છાજેરે મહિલા નેતૃત્વ અને સમાજસેવામાં જીતોં લેડીઝ વિંગની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે માર્ગદર્શન આપ્યું હતું. વાઇસ ચેરમેન શ્રી કેતન મહેતાએ સંગઠનની શક્તિ અને એકતાના મહત્વ પર ભાર મૂક્યો હતો. ગુજરાત ઝોનના ટ્રેઝરર શ્રી મોહનજીએ નવી ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી, જ્યારે ગુજરાત ઝોન લેડીઝ વિંગના કન્વીનર શ્રીમતી સંગીતા શાહે મહિલાઓને સંગઠિત થઈ સમાજ અને વ્યવસાય ક્ષેત્રે આગેવાની લેવા પ્રેરિત કર્યા હતા.

આ પ્રસંગે ડૉ. કિંજલ કૌશિક શાહને માંડવી જીતોં લેડીઝ વિંગના સ્થાપક અધ્યક્ષ તરીકે શપથ લેવડાવવામાં આવ્યા હતા. તેમની સાથે શ્રીમતી કાશ્મીરા શ્રેણિક શાહ (ઉપાધ્યક્ષ), શ્રીમતી શીલા રાજુ શાહ (સચિવ), શ્રીમતી ભવ્યા પલક શાહ (સંયુક્ત સચિવ) તથા શ્રીમતી અનીતા ઋષભ પટવા (ખજાનચી) એ પણ હોદ્દાની શપથ ગ્રહણ કરી હતી.

આ ઉપરાંત વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત ૧૮ વર્ટિકલ્સના કન્વીનર્સ અને કો-કન્વીનર્સને પિન અર્પણ કરી જવાબદારીઓ સોંપવામાં આવી હતી. નવી રચાયેલી માંડવી જીતો લેડીઝ વિંગ દ્વારા મહિલા સશક્તિકરણ, શિક્ષણ, આરોગ્ય, સમાજસેવા, સંસ્કૃતિ, સ્વરોજગાર અને યુવા વિકાસ જેવા વિવિધ ક્ષેત્રોમાં કાર્ય કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ડૉ. કિંજલ કૌશિક શાહનું પ્રેરણાદાયી સંબોધન રહ્યું હતું. શિક્ષણ, સમાજસેવા, મહિલા સશક્તિકરણ અને સાંસ્કૃતિક ક્ષેત્રે તેમના યોગદાનની ઉપસ્થિત મહાનુભાવોએ મુક્તકંઠે પ્રશંસા કરી હતી. ઐમ સ્કૂલ, માંડવીના સંચાલક અને પ્રિન્સિપાલ તરીકે તેમજ 'રિયાઝ ડાન્સ એકેડેમી' દ્વારા દીકરીઓને નિઃશુલ્ક ભરતનાટ્યમ તાલીમ આપવાના તેમના પ્રયાસોને વિશેષ બિરદાવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ડૉ. કિંજલ શાહને જીતોં ભુજ ચેપ્ટરના ચીફ પેટ્રન મેમ્બર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા, જે સમગ્ર માંડવી અને ભુજ ચેપ્ટર માટે ગૌરવની ક્ષણ બની હતી. કાર્યક્રમ દરમિયાન જીતોં ભુજ ચેપ્ટરમાં પાંચ નવા સભ્યોના સમાવેશની જાહેરાત પણ કરવામાં આવી હતી. જેમાં શ્રી શ્રેણિક શાહ, શ્રી હેમલ શાહ, શ્રી સિદ્ધાર્થ શાહ, શ્રી રોહન ગાલા અને શ્રી કુમાર શાહનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત માંડવી નગરપાલિકાના નવ નિર્વાચિત જૈન કોર્પોરેટરો શ્રી પારસ શાહ અને શ્રી મલય લાલન નું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. સાથે જ જીતોં ભુજ ચેપ્ટરના ચેરમેન શ્રી પંકજ મહેતા, ચીફ સેક્રેટરી શ્રી બીજું શાહ તથા ભુજ લેડીઝ વિંગના ચીફ સેક્રેટરી શ્રીમતી દીપાલી શાહના યોગદાનને પણ બિરદાવવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી કૌશિક શાહે ભગવાન મહાવીર સ્વામીના જીવનપ્રસંગો, જૈન મૂલ્યો અને જીતોંના ધ્યેયોને સુંદર રીતે સાંકળી અત્યંત પ્રભાવશાળી રીતે કર્યું હતું, જેને ઉપસ્થિત મહાનુભાવોએ ખૂબ વખાણ્યું હતું. અંતે શ્રીમતી શીલા શાહ અને શ્રીમતી દીપાલી શાહે આભારવિધિ રજૂ કરી હતી. રાષ્ટ્રગાન બાદ સહભોજન સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

# આડેસર પોલીસની સતર્કતાએ રણમાં ફસાયેલા ૧૭ શ્રદ્ધાળુઓને બચાવ્યા

## પાછડા દાદાના દર્શનાર્થે બે ટ્રેક્ટરમાં સવાર થઇને પરત ફરતી વખતે રણમાં માર્ગ ભૂલી ગયા હતા : ભારે પવન-વરસાદ વચ્ચે પોલીસ દ્વારા રેસક્યુ



(ક્રાઈમ રીપોર્ટર) ભુજ, તા. ૩
કચ્છના રણમાં આવેલા પવિત્ર પાછડા દાદાના દર્શનાર્થે બે ટ્રેક્ટર-માં સવાર થઇને 17 શ્રદ્ધાળુ પરત ફરતી વખતે રણમાં માર્ગ ભૂલી ગયા હતા. દરમ્યાન, અચાનક ત્રાટકેલા વાવાઝોડા, વરસાદના કારણે આ લોકોમાં રણમાં અટવાઇ ગયા હતા. જો કે, રણમાં પેટ્રોલિંગ કરી રહેલી આડેસર પોલીસની સતર્કતાના કારણે આ તમામ લોકોને હેમખેમ બચાવી લેવામાં આવ્યા હતા. સુરેન્દ્ર-નગર બાજુના ઝીંઝુવાડાના બાવડાના ગામના એક જ પરિવારના 17 લોકો બે ટ્રેક્ટર લઇને રણમાં બિરાજતા વાછડા દાદાનાં દર્શનાર્થે ગઇકાલે સવારે નીકળ્યા હતા. શ્રદ્ધાપૂર્વક દર્શન કરી પરત ફરી રહ્યા હતા ત્યારે અફાટ રણમાં રસ્તો ભૂલ્યા હતા. દરમ્યાન, કુદરતે પણ તેમની કસોટી લીધી હતી અને અચાનક ભારે પવન અને વરસાદના કારણે રણની માટી કાદવમાં ફેરવાઇ, ટ્રેક્ટરો આગળ વધી શક્યા નહોતા. ચારેય તરફ અંધારા અને અફાટ રણમાં અટવાઇ જતાં નાના બાળકો, વૃદ્ધો, મહિલા-ઓનાં જીવ તાળવે ચોંટયા હતા. પવનના કારણે ખુલ્લા ટ્રેક્ટરમાં વૃદ્ધો, બાળકો, મહિલાઓ ઠૂંઠવાઇ રહ્યા હતા. યુવાનો બહાર નીકળવા પ્રયત્નો કરી રહ્યા હતા. આ તમામ લોકો કાદવ-કીચડથી ભરાઇ ગયા હતા. તેમને કોઇ આશા દેખાઇ નહોતી. તેવામાં આડેસરની સ્થાનિક પોલીસ રણમાં પેટ્રોલિંગ કરી રહી હતી. આ ટીમને રણમાં ટ્રેક્ટરની લાઇટ તથા કાંઇક થતું દેખાતાં, અજૂગતું લાગતાં આ ટીમ ત્યાં દોડી ગઇ હતી. અને અટવાયેલા લોકોની પૂછપરછ કરતાં પોતે શ્રદ્ધાળુઓ હોવાનું અને રણમાં આખી રાતની રઝળપાટ બાદ અટવાઇ ગયા હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે તરત સતર્કતા વાપરીને તેમના બંને ટ્રેક્ટર કાદવમાંથી બહાર કઢાવ્યા હતા. ઠંડીના કારણે ઠૂંઠવાઇ રહેલા માસુમ બાળકોને તરત ધાબડા અપાયા હતા. કલાકોની મહેનત બાદ વાહનો બહાર કઢાવી આ તમામ લોકોને આડેસર પોલીસ મથકે લઇ જવાયા હતા. તમામનું રેસ્ક્યુ કરી પોલીસ મથકે લઇ જવાયા બાદ ભૂખા, તરસ્યા અને ડરેલા આ લોકોને શાંત કરી પોલીસે તેમના માટે ભોજનની વ્યવસ્થા કરી હતી એમ પી.આઇ. જે. બી. આચાર્યએ જણાવ્યું હતું. આખી રાત વાહનોથી રણમાં રઝળપાટ કરતા તેમના બંને ટ્રેક્ટરમાં ડીઝલ ખૂટી ગયું હતું. જે બંને વાહનમાં પોલીસે ઇંધણ પુરાવી આપ્યું હતું. જીવના જોખમે ફસાયેલા શ્રદ્ધાળુઓ અને તેમના પરિવારજનોએ આડેસર પોલીસનો આભાર માનતાં ભીની આંખે જણાવ્યું હતું કે, જો આજે પોલીસ દેવદૂત બનીને ન આવી હોત તો રણમાં અમારું શું થાત એ કલ્પના કરવી પણ ધ્રુજાવી દે તેવી છે. મુશ્કેલીના સમયે પોલીસે દાખવેલી તત્પરતા અને સંવેદનશીલતા એ પોલીસ પ્રજાનો મિત્ર છે એ સૂત્રને સાચા અર્થમાં સાર્થક કર્યું છે.



# માંડવી ખાતે મરીન ટાસ્ક ફોર્સ દ્વારા ચેકિંગ ડ્રાઇવ યોજાઇ

## રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં સુરક્ષા અને સતર્કતાના ભાગરૂપે વિશેષ તલાસી અભિયાન

ભુજ, તા. ૩ :
માંડવી ખાતે મરીન ટાસ્ક ફોર્સના ADGP અમિત વિશ્વકર્મા, DIG એ. એમ. મુનિયા તથા એસ.પી. એસ. જે. પરમારનાં માર્ગદર્શન હેઠળ સમગ્ર ગુજરાત રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં સુરક્ષા અને સતર્કતાના ભાગરૂપે વિશેષ ચેકિંગ ડ્રાઇવ યોજવા સૂચના આપવામાં આવી હતી. આ અનુસંધાને મરીન ટાસ્ક ફોર્સ માંડવી સેક્ટર દ્વારા ડીવાયએસપી આર. એમ. ચૌધરીનાં માર્ગદર્શન હેઠળ ભાડાનાળથી નાનાલાયજા નાળ સુધીના કોસ્ટલ દરિયાઈ તટીય વિસ્તારમાં વિશેષ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. ડ્રાઇવ દરમિયાન મરીન ટાસ્ક ફોર્સના અધિકારીઓ અને મરીન કમાન્ડો દ્વારા વિવિધ સંવેદનશીલ વિસ્તારોમાં સઘન ચાર્કિંગ હાથ ધરવામાં આવ્યું હતું. સાથે જ દરિયાકાંઠાના વિસ્તારોમાં વસતા સ્થાનિક લોકો અને માછીમારો સાથે બેઠક યોજી શંકાસ્પદ વ્યક્તિઓ, શંકાસ્પદ બોટોની અવરજવર તેમજ ડ્રગ્સ સહિતના કેફી પદાર્થોની હેરાફેરી જેવા ગંભીર મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. અધિકારીઓએ લોકોને કોઈ પણ શંકાસ્પદ હિલચાલ, વ્યક્તિ કે બોટ અંગે તાત્કાલિક પોલીસ અને સુરક્ષા એજન્સીઓને જાણ કરવા અપીલ કરી હતી. આ ખાસ ડ્રાઇવનો મુખ્ય હેતુ દરિયાકાંઠાની સુરક્ષા વધુ મજબૂત બનાવવાનો તેમજ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અસરકારક નિયંત્રણ લાવવાનો હોવાનું જણાવાયું હતું.





(તસવીર : કિરણ ગોરી)

# રાયધણપર ગામની ઘટનામાં ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવા મુખ્યમંત્રીને અપીલ

## કચ્છ કલેકટરને આવેદનપત્ર અપાયું : નાયબ મુખ્યમંત્રી, સાસંદને પણ પત્ર પાઠવાયો : મોટી સંખ્યામાં લોકો જોડાયા

ભુજ, તા. ૩
ભુજ તાલુકાના રાયધણપર ગામે ગત તા.૨૯-૦૫-૨૦૨૬ ના રોજ રાત્રે આશરે 10:45 વાગ્યે ગ્રામજનોની સુરક્ષા અને શાંતિને જોખમમાં મૂકે તેવી ગંભીર ઘટના બની હતી. નાના વરનોરા ગામના કેટલાક અસામાજિક તત્વોએ પૂર્વનિયોજિત ષડયંત્ર હેઠળ ગ્રામજનોની સુરક્ષા ભયમાં મૂકી હિંસક હુમલો કરેલ હતો. રાત્રિના સમયે રાયધણપર ગામના યુવાનો ગામના મુખ્ય ચોકમાં બેઠેલા હતા ત્યારે નાના વરનોરા ગામના કેટલાક લોકો બાઈક પર ત્યાંથી પસાર થઈ અકારણ બોલાચાલી કરીને નીકળી ગયા હતા. ત્યારબાદ તેમણે પોતાના ગામ માંથી અંદાજે ૧૦૦ થી ૧૫૦ લોકોનું ટોળું ભેગું કરી પથ્થરો, ધોકા, પાઇપ, કુહાડી, ધારીયા જેવા ઘાતક હથિયારો સાથે સમગ્ર ગામ ઉપર ભયજનક હુમલો કર્યો હતો.

આ હુમલા દરમિયાન હુમલાખોરોએ બોલેરો પિક અપ વાહન લોકો પર ચડાવવાનો પ્રયાસ કર્યો હતો. વધુમાં, હુમલા પહેલાં ગામની મુખ્ય ૧૧ કે.વી. વીજલાઇન પર લોખંડની સાંકળ ફેંકી ગામનો વીજ પુરવઠો ખોરવી નાખેલ. (જેની વિધિવત ફરિયાદ પી.જી.વી.સી.એલ. દ્વારા નોધાવવામાં આવેલ છે.) જે તેમની ઘાતક માનસિકતા અને હુમલો યોજનાબદ્ધ અને પૂર્વ આયોજિત હોવાની પુષ્ટિ કરે છે.

આ ઘટનામાં પશ્ચિમ કચ્છ એસ. પી. શ્રી વિકાસ સુંડા સાહેબ ઘટના સ્થળે દોડી ગયા અને સમગ્ર પોલીસ સ્ટાફે લોકોમાં વિશ્વાસ જગાડનારી અસરકારક કાર્યવાહી કરી છે. આ ઘટનામાં કલેક્ટર સાહેબશ્રી, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, તથા પી.જી.વી.સી.એલ. તથા અન્ય વહીવટી તંત્ર દ્વારા પ્રશંસનીય કાર્યવાહીની સમસ્ત હિંદુ સમાજે બિરદાવી છે. સમાજના અગ્રણીઓ સમસ્ત હિંદુ સમાજ વતી આ ઘટના અને રાયધણપર તથા આસપાસના સમગ્ર વિસ્તારમાં મુસ્લિમ અસામાજિક તત્વો દ્વારા માતાઓ બહેનોની છેડતી, ધાક ધમકી, મારા-મારી, ધાર્મિક ઉત્સવોની ઉજવણી વખતે તોફાનો જેવી વર્ષોની અનેક સમસ્યાઓના કાયમી સમાધાન માટે કાર્યવાહી આવેદન અપાયું હતું.

આવેદનમાં આ ઘટનામાં જે પણ આરોપીઓ છે તથા તેમના પર જુના કેસો દાખલ હોય તેમના પર તાત્કાલિક પાસા(PASA) તળે કાર્યવાહી થાય, નાના વરનોરા ગામના અનેક અસામાજિક લોકો પર અગાઉ ગૌ હત્યા, ગૌ માસ વેંચાણ, ગૌ માસ વિતરણ અને ગૌ માસ હેરફેર, વન્ય જીવોનો શિકાર, ચોરી, વાયર ચોરી, ડીઝલ ચોરી, લૂંટફાટ, ખંડણી, ખનીજ ચોરી જેવા અનેક કેસો દાખલ થયેલ છે તે દરેક પર કડક કાર્યવાહી કરવામાં આવે, આ ગામતળ તેમજ સીમતળમાં અનેક ગેરકાયદેસર રહેણાંક, વાળાઓ તથા અનેક ગેરકાયદેસર દુકાનો તથા સરકારી પડતર જમીનો ઉપર ખેતીના ગેરકાયદેસર દબાણો તાત્કાલીક અસરથી દૂર કરવામાં આવે, અનેક અસામાજિક લોકો ક્યારેય વીજ બિલ ભરતા નથી તેમની પૂરતી તપાસ કરી તેમને દંડ કરવામાં આવે.

મળતી માહિતી અનુસાર ગુનાહિત લોકો નીલગાયના શિકારની પ્રવૃત્તિ કરે છે તે બાબતે તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવે, નાના વરનોરા ગામમાં સઘન કોમ્બીંગ થાય તો અનેક ગેરકાયદેસર હથિયારો તથા ગુનાહિત પ્રવૃત્તિ માટેની સામગ્રી મળી આવવાની સંભાવના છે, હાલમાં જે પણ કોઈ આરોપીઓ પકડવાના બાકી છે તેમની તાત્કાલિક ધરપકડ થાય તથા આટલા દિવસ આ આરોપીઓને સપોર્ટ કરનાર, આસરો આપનાર, આર્થિક મદદગારી તથા અન્ય મદદ કરનાર વિરુદ્ધ પણ કાયદેસર કાર્યવાહી કરવામાં આવે, નાના વરનોરા ગામમાં કાયમ માટે એક પોલીસ ચોકી બનાવવામાં આવે જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓ ટાળી શકાય.નાના વરનોરા ગામના અનેક ઈસમો વિરુદ્ધ અગાઉ પાસા હેઠળની કાર્યવાહી પૂર્ણ થયેલ નથી તે તમામ અરજીઓમાં તાત્કાલિક નિર્ણય લઈ કાર્યવાહી કરવામાં આવે.અનેક ગુનાહિત પ્રવૃતિના કેન્દ્ર નાના વરનોરા ગામના આરોપીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી થાય અને કચ્છભરમાં કાયમ માટે શાંતિ સ્થાપિત થાય અને લોકો સુખચેનથી, ભયમુક્ત જીવન જીવી શકે તે માટે જિલ્લા કલેક્ટરને આવેદન અપાયું હતું.





# સમગ્ર ગુજરાત પૂર્વ કચ્છ પોલીસ દ્વારા બાંગ્લાદેશીઓની તપાસ આદરાઇ

## ગુજરાત પોલીસ દ્વારા બાંગ્લાદેશીઓ પર સકંજો કસાયો

(ક્રાઈમ રીપોર્ટર) રાપર, તા. ૩
પોલીસ દ્વારા તપાસ ,અટકાયતી પગલાં સહિત ની સમગ્ર રાજ્યમાં કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ત્યારે પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમાર ના માર્ગદર્શન હેઠળ બાંગ્લાદેશીઓ પર કાર્યવાહી કરવામાં આવી છે જેમાં ગાંધીધામ અંજાર ભચાઉ રાપર તાલુકા ના જુદા જુદા વિસ્તારોમાં તપાસ કરી ૩૫ જેટલા શકમંદોની અટકાયત કરવામાં આવી છે જેમાં જે તે પોલીસ સ્ટેશન તથા એલસીબી એસઓજી તથા તમામ પોલીસ સ્ટેશન હેઠળ ના વિસ્તાર માં આવેલ કંપનીઓ ઝુંપડપટી ફાર્મ હાઉસ શોપ દુકાનો તથા અન્ય સ્થળે તપાસ હાથ ધરવામાં આવી છે અને શકમંદો ના ડોક્યુમેન્ટ તપાસ કરવા મા આવી રહી છે જેમાં બાંગ્લાદેશીઓ તથા અન્ય દેશો ના કે કોઈ ગુનેગારો હશે તેમની સામે પગલાં લઈ કાર્યવાહી કરવામાં આવશે એમ પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમાર એ જણાવ્યું હતું

# કોડકી ચાર રસ્તા પાસે ગૌ-વંશ માસના ગુનાનો નાસતો ફરતો આરોપી ઝડપાયો

(ક્રાઇમ રિપોર્ટર) ભુજ તા. ૩
ગૌ-વંશ માસના કેસમાં ફરાર આરોપીને ભુજ શહેર એ ડીવીઝન પોલીસે બાતમી પરથી કોડકી ચાર રસ્તા પાસેથી ઝડપી પાડયો છે.

આ નોંધાયેલા ગુના કામે પોતાની ધરપકડ ટાળવા સારૂ આરોપી હુસૈન ઇસ્માઇલ ઓઢેજા રહે-રતિયા તા-ભુજવાળો નાસતો ફરતો હોઇ તેને પકડી પાડવા ભુજ શહેર એ ડીવીઝન પો.સ્ટેશનના પોલીસ ઈન્સપેકટરશ્રી એમ.આર. નકુમનાઓની સુચના & માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓ પેટ્રોલિંગમા હતા તે દરમિયાન બાતમી હકીકત મળેલ કે હુસૈન ઈસ્માઈલ ઓઢેજા કોડકી ચાર રસ્તા હાજર છે, જેથી તુરંત જ સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓએ કોડકી ચાર રસ્તા જઈ વર્ક આઉટ કરી બાતમી




હકીકત વાળા ગૌ-વંશ માસના આરોપીને પકડી પાડી ઉપરોકત ગુના કામે પુછપરછ કરી અટક કરવામાં આવેલ છે. અને સદર ગુના કામેની આગળની તપાસ પો.સબ. ઈન્સ. એચ.આર.મોરીનાઓ ચલાવી રહેલ છે.

આ કામગીરીમાં ભુજ શહેર એ ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર એમ.આર. નકુમના માર્ગદર્શન હેઠળ પો.સબ. ઈન્સ.એચ.આર.મોરી તથા એ. એસ. આઈ. ઉમેશભાઇ એસ.બારોટ તથા પો. હેડ. કોન્સ. રાજુભા એસ.જાડેજા, યુવરાજસિંહ ડી.જાડેજા, લાખાભાઈ એન. બાંભવા, દશરથભાઇ એચ.ચૌધરી, કૈલાશભાઇ કે.ચૌધરી, મામદભાઇ કુંભાર તથા કિરણભાઇ એન. ચૌધરી સહિતનો સ્ટાફ જોડાયો હતો.



*આજે ભચાઉ ખાતે ભારત વિકાસ પરિષદ દ્વારા સાયકલ રેલીનુ આયોજન કરાયું હતું જેમાં બહોળી સંખ્યામાં નગરજનો જોડાયા હતા.*


### રાપર નગર પાલિકા, જીલ્લો- કચ્છ
### રખડતા ડોરો પકડવા માટેનાં ભાવો

આથી રાપર શહેરમાં રખડતા ઢોરોને પકડી નગરપાલિકા જે જગ્યાએ સુચવે તે જગ્યાએ ઢોરોને પકડીને એકત્રીત કરી પુરવા માટે નંગ-૧સિક) નાં ભાવ તમામ ટેક્સ સહિતના લેટર પેડ ઉપર ભરીને ર.જી.એ.ડીથી તા.૦૩/૦૬/૨૦૨૬ થી તા.૧૨/૦૬/૨૦૨૬ સુધીમાં નગરપાલિકા કચેરીએ મોકલવાનાં રહેશે.સાથે ઓળખ કાઈ તેમજ પાન કાર્ડની નકલ જોડવાની રહેશે.

| ક્રમ | વિગત | નંગ | ભાવ |
|---|---|---|---|
| ૧ | રાપર શહેરમાં તેમજ આજુ બાજુની ૩ કી.મીની ત્રિજ્યા સુધી જીવ પકડવા તથા મુકવાના ભાવ | ૧ | ૧ |
| ૨ | રાપર શહેરની ૩ કી.મીની ત્રિજ્યા બહાર જીવ પકડવા તથા મુકવાના | ૧ | ૧ |

રાપર નગરપાલીકા ધારા ઢોર પકડવા માટે ટ્રેક્ટર તથા પાંજરૂ આપવામાં આવશે. ટ્રેક્ટર તથા પાંજરામાં થનાર નુકશાન-ની ભરપાઈ એજન્સીએ કરવાની રહેશે.

તારીખ- ૩૦/૦૫/૨૦૨૬

ચીફ ઓફીસર નગર-પાલિકા-રાપર

પ્રમુખ નગરપાલિકા-રાપર

(નામાનિ/કચ્છ/૧૯૫/૨૦૨૬-૨૭)


## જૂના કટારીયા પાસે ટ્રક ની કેબિનમાં આગ લાગતા ફાયર શાખા વહારે



*ભચાઉ : તાલુકાના જૂના કટારીયા પાસે એક ટ્રક પલટી મારી જતા તેની કેબિનમાં અચાનક આગ લાગતા ડ્રાઇવર સહિત સાવચેતી દાખવી ગાડીની બહાર નીકળી ગયા હતા. ત્યારબાદ ભચાઉ નગર પાલિકા ફાયર ટીમ ને જાણ કરાતા ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને તપાસ કરતા ધ્યાનમાં આવ્યું હતું કે ડીઝલની ટાંકીમાં અને આગળના બંને ટાયરમાં આગ લાગી છે પોલીસ સ્ટાફ દ્વારા અને પેટ્રોલિંગ ટીમ દ્વારા એક સાઇડ રોડને બંધ કરવ ને પાણી મારો ચલાવ્યો હતો સતત 1 કલાક પાણી મારો ચલાવી ને આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો આ કામગીરીમાં ટીમ લીડર પ્રવીણ દાફડા, કુલદીપભાઈ, શક્તિસિંહ જોડાયા હતા*

# પાણી વેરા વસુલાત પ્રોત્સાહક યોજના હેઠળ ગ્રામ પંચાયતોને સન્માનપત્ર એનાયત કરાયા

## રાજ્યમંત્રી ત્રિકમભાઇ છાંગા તથા પ્રભારીમંત્રી કાંતિલાલ અમૃતિયાની ઉપસ્થિતિમાં ૭ પંચાયતોને પ્રોત્સાહિત કરાઇ

ભુજ, તા. ૩ :
ગ્રામ્ય કક્ષાએ પાણી પુરવઠા યોજનાઓનું અસરકારક અને યોગ્ય સંચાલન થાય, યોજનાનું માળખું સુદ્રઢ બને, પાણી વેરાની વસૂલાતમાં નિયમિતતા આવે તેમજ ગ્રામ પંચાયત સક્ષમ બને તે હેતુથી પાણી પુરવઠા વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા પાણી વેરા પ્રોત્સાહન યોજના જાહેર કરવામાં આવી છે. જે હેઠળ તાજેતરમાં રાજ્યમંત્રીશ્રી ત્રિકમભાઇ છાંગા તથા પ્રભારીમંત્રીશ્રી કાંતિલાલ અમૃતિયા તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં પંચાયતોને પાણી વેરા વસુલાત પ્રોત્સાહક યોજનાના પ્રસંશાસહ સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આ યોજના ૦ % થી ૩૦ % સુધી પાણી વેરા વસૂલાત ધરાવતા ગામોની પંચાયતોને જ લાગુ પડે છે. આ ગામોમાં E-ગ્રામ પોર્ટલ મુજબ ઉઘરાવેલ પાણી વેરાની ખરાઈ કર્યા બાદ પાત્રતા ધરાવતી ગ્રામ પંચાયતોને પ્રોત્સાહક યોજનાની રકમ ફાળવવામાં આવે છે. યોજનાના માપદંડ મુજબ પાણી વેરાની થયેલ વસૂલાત કુલ માંગણાના ૫૦ % કરતાં વધુ હોવી જોઇએ. ગ્રામ પંચાયતને મહત્તમ રૂ. ૧,૫૦,૦૦૦/- સુધીની મર્યાદામાં પ્રોત્સાહન રકમ મળવા પાત્ર છે.

ઉપરાંત નાણાંકીય વર્ષ દરમિયાન જેટલા ઘરોમાંથી પાણી વેરા વસૂલાત થયેલી હોય તે માટે ગ્રામ પંચાયતના VCEને ડેટા એન્ટ્રી થયેલ પ્રતિ ઘર લેખે રૂ. ૭/- પ્રોત્સાહન મળવાપાત્ર રહે છે. છે.



પાણી વેરા પ્રોત્સાહન યોજનાના પ્રારંભિક વર્ષ ૨૦૨૪-૨૫માં કચ્છ જિલ્લા પંચાયત કચેરીએથી દરખાસ્ત થયેલ અને મંજૂર થયેલ કુલ ૪૨ જેટલી ગ્રામ પંચાયતોને કુલ રૂ. ૨૬.૧૦ લાખની પ્રોત્સાહક રકમ તેમજ ગ્રામ પંચાયતના VCE મારફતે સહયોગ / કરેલ કામગીરી માટે વેરો ઉઘરાવાયેલ પ્રતિ ઘર દીઠ રૂ. ૭/- લેખે કચ્છ જિલ્લાના કુલ ૨૨૪ જેટલા VCEને કુલ રૂ. ૧૦.૦૫ લાખ જેટલી પ્રોત્સાહન રકમ વાસ્મો દ્વારા ફાળવવામાં આવેલ છે.

ઉપરોક્ત ૪૨ પૈકી ૦૭ જેટલી ગ્રામ પંચાયતોને ભુજ ખાતે રાજ્યકક્ષાના મંત્રીશ્રી ત્રિકમ છાંગા, પ્રભારીમંત્રીશ્રી કાંતિલાલ અમૃતિયા તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં પાણી વેરા વસૂલાત પ્રોત્સાહક યોજનાના પ્રસંશાસહ સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં ૧૦૦% વેરા વસૂલાત કરનાર રાપર તાલુકાની શાણપર, ૫૦% વેરા વસૂલાત કરનાર ભુજ તાલુકાની વર્ધમાનનગર, નાગોર, નખત્રાણા તાલુકાની નેત્રા, માંડવી તાલુકાની ગૂંદીયાળી, લખપત તાલુકાની જુણાગીયા, ભચાઉ તાલુકાની ઘરાણા ગ્રામ પંચાયતોને સન્માનિત કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, જે ગામોમાં પાણી વેરા વસૂલાત ખૂબ જ ઓછી છે તે ગામો માટે આ પાણી સમિતિઓ / ગ્રામ પંચાયતો અન્ય પાણી સમિતિઓ / ગ્રામ પંચાયતો માટે પ્રેરણાસ્રોત બની રહેશે.